Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

આત્મધર્મ

દિવ્ય-પુરુષ



૮૭મી-જન્મજયંતી

આત્મધર્મ

અંક નં. (૩૯૦)

નિજજ્ઞાનકલાધર ! શાસન તુજસે ઉજિયારા,
શ્રદ્ધા-સુમન થકી સમર્ચન કરે જગ સારા.



## પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રિય ઘોલન

સમયસારની શરૂઆતની ૧૬ ગાથાઓ, ૪૭ શક્તિઓ, ગાથા ૪૯ના અવ્યક્તના છ બોલ તથા પ્રવચનસારની ૪૭ નયો, તથા ગાથા ૧૭૨ના અલિંગગ્રહણના ૨૦ બોલ, અને શ્રીમદ્‌ના સ્વદ્રવ્યના રક્ષક ત્વરાથી થાઓ આદિ દસ બોલ–આ વિષય પૂજ્ય ગુરુદેવશ્રીને ખૂબ જ પ્રિય હોવાથી હંમેશા વહેલી સવારના તેના સ્મરણ–મનન–ઘોલનપૂર્વક તેઓશ્રી ધ્યાન કરે છે.

# "સત્પુરુષના જીવનમાં નિશ્ચય-વ્યવહારનો સુમેલ"

હે ગુરુદેવ ! આપની પવિત્ર અંતર્દૃષ્ટિમાં ત્રિકાળી શુદ્ધ નિજ-કારણ પરમાત્માની જ્ઞાનાનંદમય સ્વાનુભૂતિની જ્યોત નિરંતર વૃદ્ધિગત થઈ રહી છે, અને તેની સાથે વ્યવહારનો સુમેલ પણ વર્તી રહ્યો છે, સ્વાનુભૂતિના આનંદની સાથે વર્તતા રાગાંશમાં, શુદ્ધાત્માનું અચિંત્ય મહાત્મ્ય આપના પ્રવચનમાં ઝળકી રહ્યું છે. શુદ્ધાત્મપ્રેમી જિજ્ઞાસુઓને આપ નિરંતર સ્વાનુભૂતિયુક્ત અમૃતભોજનો પિરસી રહ્યાં છો. અનેક દેશના જિજ્ઞાસુઓની શુદ્ધાત્મપિપાસા છીપાવવા વાત્સલ્યભાવે વિહાર કરીને, દિવ્ય ઉપદેશ દ્વારા આપ શુદ્ધાત્માનો આશ્ચર્યકારી મહિમા સમજાવી રહ્યાં છો. અનેક સ્થળોએ અત્યંત ઉલ્લાસ અને ભક્તિપૂર્વક શ્રી જિનેન્દ્રદેવની જિનબિંબ પંચકલ્યાણક અને વેદી પ્રતિષ્ઠાઓ આપશ્રીના ઉપદેશના ફળરૂપે આપની કરુણામય હાજરીમાં થઈ છે. દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે અપાર ભક્તિવશ અનેક તીર્થભૂમિમાં વિશાળ સંઘસહિત તીર્થવંદના-યાત્રા આપે કરી છે. આપનું પવિત્ર જીવન સ્વાધ્યાય-મનન-ચિંતવન-જ્ઞાન-ધ્યાનપૂર્વક શુદ્ધાત્માનુભૂતિમાં નિરંતર વૃદ્ધિગત થઈ રહ્યું છે. એ રીતે અનેક પ્રકારથી જેમનો વ્યવહાર, નિશ્ચયરૂપ સ્વાનુભૂતિના મહાત્મ્યને પ્રસિદ્ધ કરતો થકો, પાત્ર શ્રોતાઓના જીવનમાં નિશ્ચય-વ્યવહારના ઘડતરમાં મહાન આદર્શરૂપ બની રહ્યો છે, એવા પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની આ ૮૭મી જન્મ-જયંતી પ્રસંગે અત્યંત ભક્તિ અને બહુમાન પૂર્વક તેઓશ્રીના ચરણોમાં કોટી કોટી વંદન.

શ્રી રામજીભાઈ માણેકચંદ દોશી
ભૂતપૂર્વ પ્રમુખ,
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ.

પરમ પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી પ્રત્યે

# શ્રદ્ધાંજલિ

[ નવનીતલાલ ચુનીલાલ જવેરી, પ્રમુખ, શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ ]

જે પૂરવ શિવ ગયે, જાહિં, અરુ આગે જેહૈં,
સો સબ મહિમા જ્ઞાનતની, મુનિનાથ કહે હૈં।
વિષય-ચાહ-દવદાહ, જગત-જન અરનિ દઝવે,
તાસ ઉપાય ન આન જ્ઞાનઘનઘાન બુઝાવે।

પુણ્યપાપ ફલમાંહિ, હરખ બિલખૌ મત ભાઈ,
ઈહ પુદ્ગલ પરજાય ઉપજિ વિનશે ફિર થાઈ।
લાખ બાતકી બાત યહૈ નિશ્ચય ઉર લાઓ,
તોરિ સકલ જગ દંદફંદ નિત આતમ ધ્યાઓ।

પરમ પૂજ્ય ગુરુદેવના ઉપદેશનો મૂળભૂત સાર પંડિતપ્રવર શ્રી દૌલતરામજીના છહ્‌ઢાળાના ઉપરોક્ત બે કાવ્યોમાં આવી જાય છે. ૨૪ મા તીર્થંકર શ્રી ભગવાન મહાવીરસ્વામી કે જેમનું શાસન હમણાં ચાલે છે તેઓએ પણ તે જ ઉપદેશ આપ્યો હતો, અને ત્યારપછી જે જે આત્મજ્ઞાનીઓ થયા તેઓનું તેમ જ હાલમાં જે જ્ઞાનીઓ છે તેમનો પણ, અને ભવિષ્યમાં પણ જે જ્ઞાનીઓ થશે તેઓનો પણ તે જ ઉપદેશ રહેશે, કે દુનિયાની કોઈપણ કિંમતી વસ્તુઓમાં આત્મજ્ઞાન એ એક જ સાધવા યોગ્ય છે, અને શાંતિ તથા પરમસુખનું એ ધામ છે. બાકીની દરેક વસ્તુઓ ચાહનાની આગમાં સતત બાળ્યા જ કરે છે અને તે આગને જ્ઞાનરૂપી વાદળના નીરથી કોઈપણ ઉપાય કરીને બુઝાવવી જોઈએ.

દુનિયામાં આપણી નજરે જે જે ચીજો પડે છે તે બધી પુદ્ગલની પર્યાયો છે અને તે પુદ્ગલની પર્યાયો આત્માએ તીવ્ર કે મંદ પુણ્ય અને પાપરૂપી જે ભાવો કર્યા હોય તેઓના ફળરૂપે સુખદ અથવા દુઃખદ સંજોગોરૂપે જીવની આજુબાજુ ઊભા થાય છે, તેથી પંડિતજી કહે છે કે એ પુણ્ય અને પાપના ફળમાં હરખ અને શોક કરવો જોઈએ નહીં કારણકે આ પુદ્ગલ પર્યાયનો સ્વભાવ જ એવો છે કે તેઓ ઉપજે, વિનશે અને ફરીથી ઉત્પન્ન થાય-તેથી કહે છે કે લાખ વાતનો સાર સત્યદૃષ્ટિએ હૃદયમાં આ ધારણ કરવો જોઈએ કે દુનિયાના રાગ-દ્વેષના પ્રસંગોનો ત્યાગ કરીને નિત્ય આત્માનું ધ્યાન કરવું જોઈએ. [ અનુસંધાન પૃષ્ઠ ૬૩ ઉપર ]



ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ કે જેમણે મહાતત્ત્વથી ભરેલો પ્રાભૃતરૂપી પર્વત બુદ્ધિરૂપી શિર પર ઉપાડીને પોતાના કેડાયત શ્રી કાનજીસ્વામીને વાત્સલ્યથી સમર્પિત કરી રહ્યા છે.

# ગુરુદેવનો અસીમ ઉપકાર

આ વિશ્વમાં ઉત્તમમાં ઉત્તમ પદાર્થ આત્મા છે. અને એવો ઉત્તમ આત્મા જેણે આપ્યો તેના ઉપકારનું કથન જ જ્યાં બની શકતું નથી ત્યાં તેમના અપાર ઉપકારનો પ્રત્યુપકાર વાળવાનું કાર્ય તો અસંભવિત જ હોય, તેમાં કાંઈ આશ્ચર્ય નથી. આશ્ચર્યની વાત તો એ છે કે જેમ જેમ પાત્ર જીવને કૃતજ્ઞતાની ઉગ્ર ભાવનાથી વધુને વધુ શ્રીગુરુ પ્રત્યે અર્પણતા આવે છે તેમ તેમ તે જીવ ઉપર શ્રીગુરુનો ઉપકાર વધતો જ જાય છે.

આત્માનુશાસનમાં કહ્યું છે કે, જગતમાં જે ખાડા હોય છે તેમાં પથ્થર વગેરે દ્રવ્યો નાખવાથી તે પુરાય જાય છે, પણ તૃષ્ણારૂપી ખાડો એથી વિચિત્ર સ્વભાવવાળો છે. જેમ જેમ તેમાં દ્રવ્યો નાખવામાં આવે છે તેમ તેમ તૃષ્ણારૂપી ખાડો વધુને વધુ ઊંડો થતો જાય છે.

તેમ શ્રીગુરુનો ઉપકાર પણ એક અદ્‌ભુત આશ્ચર્ય છે. જેમ જેમ તેમના પ્રત્યે વધુ અર્પણતા કરવામાં આવે છે તેમ તેમ તે પાત્ર જીવની પરિણતિ વધુને વધુ વિશુદ્ધતાને પામતી જાય છે, અને સાથે સાથે તે જીવ આશ્ચર્યકારી સાતિશય પુણ્ય બંધને પ્રાપ્ત થાય છે. તે વિશુદ્ધિ તથા પુણ્યમાં સત્‌ પુરુષ જ નિમિત્ત છે. તેથી તેમના પ્રત્યે કૃતજ્ઞતાની ભાવનાથી જેટલી વધુને વધુ અપર્ણતા કરવામાં આવે છે તેમ તેમ તે સત્‌ પુરુષ તેના આત્મહિતમાં વિશેષ વિશેષ નિમિત્તભૂત બનતા જાય છે. તે કારણથી તેઓશ્રીનો ઉપકાર તો વધતો જ રહે છે. તેથી તે વાત સિદ્ધ થાય છે કે આત્મદાતા શ્રીગુરુનો પ્રત્યુપકાર કેવળ અસંભવિત જ છે. એવા અસીમ અને નિષ્કારણ ઉપકારી પ્રત્યે સર્વસ્વાર્પણતા કરવી તે શિષ્યના હિતનું કારણ છે.

સત્પુરુષને શિષ્યની ભક્તિની કંઈ જરૂર નથી. પરંતુ શિષ્યને જ્યાંસુધી અમાપ ઉપકારનું ભાન થઈને, તેઓ પ્રત્યે ભક્તિ–અર્પણતા આવે નહિ ત્યાંસુધી તેઓશ્રીએ આપેલું જ્ઞાન પરિણમતું નથી. તેથી પોતાના સ્વહિતના અર્થે શ્રીગુરુ પ્રત્યે ભક્તિ–અર્પણતા આવે તો જ પોતાનું કલ્યાણ થાય છે –એવી વસ્તુસ્થિતિ છે.

દિવ્ય - પુરુષ

૮૭ મી - જન્મ જયંતી

**અણહેતૂક મહાન ઉપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી પ્રત્યે ૮૭ મી મંગલ જન્મ-જયંતી પ્રસંગે**

# ૮૭-ભક્તિ પુષ્પો




દિવ્ય - પુરુષ

૧. અહો! ભગવાન આત્મા...ભગવાન જ્ઞાનસ્વભાવ...ભગવાન આનંદસ્વભાવ...ભગવાન સર્વજ્ઞસ્વભાવ...ભગવાન સુખસ્વભાવ.. એ જ એનું સ્વરૂપ છે. દ્રવ્ય ભગવાન, ગુણ ભગવાન, પર્યાય ભગવાન ત્રણે એકરૂપ થઈ ગયા. પ્રગટ પર્યાય ભગવાન થઈ ગઈ. સમયસારમાં તેને ભગવતી પ્રજ્ઞાછીણી કહી છે. દ્રવ્ય ભગવત્ સ્વરૂપ છે, ગુણ ભગવત્ સ્વરૂપ છે, પ્રજ્ઞા ભગવતી સ્વરૂપ છે (સાધકદશા) અને પૂર્ણદશા પણ ભગવતી સ્વરૂપ છે. (ભગવાન આત્માનું ઘોલન કરતાં કરતાં સોનગઢથી પૂ. ગુરુદેવશ્રીનું મંગલ પ્રસ્થાન)

૨. એક દ્રવ્ય બીજા દ્રવ્યથી અત્યંત ભિન્ન છે, બીજું એક જીવદ્રવ્યથી વિકાર અત્યંત ભિન્ન છે, ત્રીજું એક શુદ્ધ જીવથી નિર્મળ પર્યાય પણ ભિન્ન છે, કેમકે દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી અને પર્યાય તે દ્રવ્યને સ્પર્શતી નથી. દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર પડી છે પણ દ્રવ્યનું વેદન નથી, વેદન તો પર્યાયનું થાય છે.

૩. પર્યાયની સ્વતંત્રતા જેને બેસે નહિ તેને દ્રવ્ય-ગુણ કે જે અવ્યક્ત શક્તિ સ્વભાવ છે તેની સ્વતંત્રતા બેસી શકે જ નહિ, વર્તમાન અંશ સ્વતંત્ર છે એ જેને બેસે તેને જ દ્રવ્યની સ્વતંત્રતા બેસી શકે છે.

૮૭ મી - જન્મ જયંતી

૪. ભગવાન તો કહે છે કે જેને ચૈતન્ય આત્માનું ભાન નથી, પૂર્ણાનંદનો નાથ અંદરમાં બિરાજે છે તેની જેને શ્રદ્ધા નથી એ બધા ચાલતાં મડદા છે, અને તેના વ્રત-તપ આદિ બધુ મુર્ખાઈ ભરેલા છે. અને જેને પૂર્ણાનંદ ભગવાનની શ્રદ્ધા છે, જ્ઞાન છે, ભાન છે એ સંસારમાં રહ્યાં પણ ચાલતા સિદ્ધ છે.

૫. આ લોક આખો ભગવાનના સમૂહથી ભરેલો ગોદામ છે. દરેક જીવ સ્વભાવે ભગવાન છે. દેહ દેવળમાં ભગવાન જિનેન્દ્રદેવ બિરાજે છે.

૬. સમયસાર સૂર્ય છે, તેના તેજ આગળ કોઈ ખામી રહે નહી. અજોડ સૂર્ય છે. શાંતિથી વિચાર કરે તો ખબર પડે. અરે! આ ભવ ટાળવાના ટાણા છે દુનિયા શું કહેશે તે ન જો.

૭. અહા! સમ્યગ્દર્શન થતાં આત્માના પ્રદેશે પ્રદેશે આનંદનો જન્મ થાય છે, અસંખ્ય પ્રદેશો આનંદથી ઉછળે છે, આનંદનું જન્મધામ નિજ પરમાત્મતત્ત્વ તે જ સમ્યગ્દર્શનનું કારણ છે.

૮. જેને પુણ્યની મીઠાશ હશે તેને આત્માની મીઠાશ નહિ આવે. પુણ્ય એટલે કષાયભાવ કહો કે ઝેર કહો, તે ઝેર આત્માને હણી નાખે છે. પુણ્યભાવ આત્માને હણનારો છે તેથી પુણ્યની મીઠાશવાળાને આત્માની મીઠાશ નહિ આવે.

૯. તારા સ્વભાવસાગરની અશાતના ન થાય અને આરાધના થાય તેની આ વાત છે. આત્મામાં એક એક ગુણની અનંતી શક્તિ શુદ્ધ છે, એવા અનંત અનત ગુણોની શુદ્ધતાનો આશ્રય જે પરિણિતિ લ્યે છે તે પરિણતિને શુદ્ધત્વ પરિણમન કહે છે, તેને આત્માની આરાધના કહે છે.

૧૦. આત્મા સમજવા માટે જેને અંતરમાં ખરેખરી ધગશ અને તાલાવેલી જાગે તેને અંતરમાં સમજણનો માર્ગ થયા વિના રહે જ નહીં. પોતાની ધગશના બળે અંતરમાં માર્ગ કરીને તે આત્મસ્વરૂપને પામે જ.

૧૧. જેમ કેવળી ભગવાન પરના કર્તા કે ભોક્તા નથી માત્ર જાણનાર જ છે, તેમ સમ્યગ્દૃષ્ટિ પણ પરના કર્તા કે ભોક્તા નથી માત્ર જાણનાર જ છે. રાગ આવે છે તેનો પણ જાણનાર જ છે અસંખ્ય પ્રકારના શુભભાવ છે તે સહજ છે, તેનો કર્તા જીવ નથી. જે વખતે જે પ્રકારનો રાગ આવે છે તે પ્રકારના સંયોગ તરફ તેનું લક્ષ જાય છે તેનો જાણનાર છે.

દિવ્ય પુરુષ

૧૨. વ્રત તપ જપથી આત્મપ્રાપ્તિ થશે–તે જેમ શલ્ય છે, તેમ શાસ્ત્ર અભ્યાસથી આત્મા પ્રાપ્ત થશે એવી જેની માન્યતા છે તે પણ શલ્ય છે. આત્મવસ્તુ તરફ દ્રષ્ટિ કરતાં જ આત્મપ્રાપ્તિ થાય છે.

૧૩. આંખને રેતી ઉપાડવાનું કામ સોંપવું તે એનું કામ નથી, તેમ આત્માને રાગ કરવાનું કામ સોંપવું તે એનું કામ નથી.

૧૪. અનંતા પ્રતિકૂળ દ્રવ્યો આવી પડે તેનાથી આત્મા હલ્યો હલે નહિ, તીવ્રમાં તીવ્ર આકરા અશુભ પરિણામો થાય તેનાથી પણ ધ્રુવ આત્મા હલ્યો હલે નહિ, અને એક સમયની પર્યાયથી પણ આત્મા હલ્યો હલે નહિ. એવા અગાધ સામર્થ્યવાળો ધ્રુવઆત્મા છે, તેને લક્ષમાં લેવાથી ભવભ્રમણ છૂટે એવું છે.

૧૫. મને બહારનું કાંઈક જોઈએ તેમ માનનાર ભીખારી છે, મને મારો આત્મા જ જોઈએ તેમ માનનાર બાદશાહ છે. આત્મા અચિંત્ય શક્તિનો ધણી છે, જે ક્ષણે જાગે તે જ ક્ષણે જાગતી જ્યોત આનંદસ્વરૂપ અનુભવમાં આવી શકે છે.

૮૭ મી જન્મ જયંતી

૧૬. નિજસ્વરૂપ છે તે તીર્થસ્વરૂપ છે, તેમાં જતાં જે પર્યાય પ્રગટ થાય છે તે મોક્ષમાં જવાનો ઉપાય છે.

૧૭. ઝવેરી હીરાની પરીક્ષા કરે છે તેમ સમ્યગ્દ્રષ્ટિ ચૈતન્યહીરાની પરીક્ષા કરે છે કે મારા ચૈતન્યહીરામાં સંસાર જ નથી.

૧૮. આત્મદ્રવ્યનો સ્વભાવ જ કોઈ એવો છે કે એને પહોંચવા માટે જવું જોઈએ તેવું કારણ ન આપે ત્યાંસુધી કાર્ય આવે જ નહિ.

૧૯. શુભાશુભ ભાવથી બચવાનો ઉપાય એ છે કે આત્મામાં એ શુભાશુભ ભાવો છે જ નહિ–એવી દ્રષ્ટિ કરવી.

૨૦. રાગથી જુદો છું...રાગથી જુદો છું...સ્વભાવથી એકમેક છું...સ્વભાવથી એકમેક છું...એવા સંસ્કાર તો પાડ! એવા દ્રઢ સંસ્કાર વડે ભેદ–વિજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

૨૧. પહેલા ચારિત્રદોષ ટાળવાનો પ્રયત્ન કરે છે તે કરતાં પહેલા દર્શનશુદ્ધિ માટે પ્રયત્ન કર! દ્રષ્ટિમાં વિકલ્પનો ત્યાગ કરતો નથી અને બહારના ત્યાગ કરી બેસે છે તે મિથ્યાત્વના જ પોષણનું કારણ છે.

દિવ્ય-પુરુષ

૮૭મી-જન્મજયંતી

૨૨. પશુની વીષ્ટાના પોદળા (છાણ) મળતા ગરીબ સ્ત્રીઓ ખુશી ખુશી થઈ જાય છે. અને ધન વૈભવ મળતા શેઠીયાઓ ખુશી ખુશી થઈ જાય છે, પણ વીષ્ટાના પોદળા અને ધનાદિમાં કાંઈ જ ફેર નથી; એક વાર આત્માના નિધાનને દેખે તો બહારના નિધાનોની નિર્મૂલ્યતા ભાસે.

૨૩. સમ્યગ્દર્શન થયું એટલે સિદ્ધના દર્શન થઈ ગયા, સિદ્ધનો લઘુનંદન થઈ ગયો.

૨૪. જેણે પોતાના ચૈતન્ય સાથે ગાંઠ (પ્રિત) બાંધી છે એવો સમ્યગ્દ્રષ્ટિ ત્રણલોકના નાથ સાથે પણ ગાંઠ બાંધતો નથી. પોતાના આત્માએ અનંતા પરમાત્માને પેટમાં રાખ્યા છે, અનંતા પરમાત્મા જેના ધ્રુવપદમાં પડયા છે, એવો આત્મા બીજાને નાથ કેમ કરે?

૨૫. ભાઈ! તને પ્રાપ્ત કરવા માટે તારી શ્રુતજ્ઞાનની પર્યાય જ બસ છે. બીજુ આ કરું ને તે કરું તે વાત જ નથી. આ તો સહેલીસટ વાત છે. અંતરના પ્રેમ દ્વારા (રુચિ દ્વારા) એ જ્ઞાનને અંતરમાં વાળતાં એ પર્યાયને દ્રવ્યનું આલંબન મળે છે, ને આનંદના શ્રોત વહે છે.

૨૬. દેવ-ગુરુ-શાસ્ત્ર એમ કહે છે કે ભાઈ! તારી મહિમા તને આવે તેમાં અમારી મહિમા આવી જાય છે. તારો તને મહિમા આવતો નથી તો તને અમારો પણ ખરેખર મહિમા આવ્યો નથી, અમને તેં ઓળખ્યા નથી.

૨૭. આત્મા જ્યાં અંદરથી ઉછળ્યો પછી મન મોળું પડે તોપણ ઉછળવું બંધ ન પડે, ઇન્દ્રિયો શિથીલ થાય તોપણ ઉછળવું બંધ ન પડે, શરીર મોળું પડે તોપણ ઉછળવું બંધ ન પડે. આત્મા જ્યાં મધ્યબિંદુમાંથી ઉછળ્યો પછી તેને રોકવા જગતનો કોઈ પદાર્થ સમર્થ નથી.

૨૮. સર્પના બચ્ચાને તેની માનું જ્ઞાન છે તેથી તે સર્પથી ડરે નહીં. સિંહના બચ્ચાને તેની માનું જ્ઞાન છે તેથી સિંહનું બચ્ચું સિંહથી ડરે નહીં. તેમ જ્ઞાન તેને કહીએ કે જેનાથી નીડરતા અને નિર્ભયતા આવે; તે ક્યારે આવે? -કે જ્યારે શુદ્ધાત્માનું સાચું જ્ઞાન થાય ત્યારે.

દિવ્ય–પુરુષ

૨૯. ભાઈ! તું પોતે જ ભગવાન છો, દેહદેવળમાં બિરાજતો પરમાત્મા છો, ભગવાન તે જ હું અને હું તે જ ભગવાન –એવી દ્રષ્ટિ થયા વિના કોઈને સમ્યગ્દર્શન ત્રણકાળ ત્રણલોકમાં થાય નહીં.

૩૦. એકરૂપ અભેદ નિર્વિકલ્પવસ્તુ તે સ્વદ્રવ્ય છે અને તેમાં ગુણ કે પર્યાયના ભેદની કલ્પના કરવી તે ભેદકલ્પના પરદ્રવ્ય છે. આત્મા અને આ ગુણ એમ અભેદ વસ્તુમાં ભેદ પાડવો તે પરદ્રવ્ય છે. શરીર–મન–વાણી પરદ્રવ્ય તો ક્યાંય રહી ગયા. અહીં તો જ્ઞાનાદિ અનંતગુણો તે આધેય છે અને આત્મા તેનો આધાર છે–એવા આધેય–આધારના ભેદ પાડવા તે પરદ્રવ્ય છે. તેથી તે હેય છે. પરદ્રવ્યના લક્ષે તો રાગ થાય પણ અભેદવસ્તુમાં ભેદ પાડીને જોતા પણ રાગ થાય, ગજબ વાત છે ને! છેલ્લામાં છેલ્લી ટોચની વાત છે.

૮૭મી–જન્મજયંતી

૩૧. આ આત્મા અને આ ગુણ...આ આત્મા અને આ પર્યાય...એવા ભેદનો અભેદ આત્મામાં અભાવ છે. આત્મામાં જે મોટપ અને મહિમા ભર્યો છે તે ભગવાન જાહેર કરે છે કે અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ, અનંત આનંદ, અનંત પ્રભુતા આદિ અનંત સ્વભાવનું એકરૂપ એવો જે સ્વભાવરૂપ સ્વદ્રવ્ય તે નિર્વિકલ્પ વસ્તુમાત્ર છે. અનંત–અનંત સ્વભાવથી ભરેલ ભગવાન અભેદ એકરૂપ આત્મા તે જ સ્વદ્રવ્ય હોવાથી ઉપાદેયરૂપ છે.

૩૨. જડ–ઇન્દ્રિયનું લક્ષ છોડે, ભાવ–ઇન્દ્રિયનું લક્ષ છોડે, અને ઇન્દ્રિયના વિષયો જે દેવ–ગુરુ આદિ તેનું લક્ષ છોડે અને ત્રિકાળી સ્વભાવનું લક્ષ કરે ત્યારે તેણે ઇન્દ્રિયને જીતી કહે છે. પર્યાયથી, નિમિત્તથી અને વિષયથી ભિન્ન વર્તે છે તેવા જ્ઞાનને મોક્ષનો માર્ગ કહે છે.

૩૩. જીવની દયા પાળવાના ભાવને લોકો જૈનના સંસ્કાર માને છે, પણ તે જૈનના સાચા સંસ્કાર નથી, જૈનના સાચા સંસ્કાર તો રાગથી ભિન્ન ચૈતન્યને માનવો તે જૈનના સાચા સંસ્કાર કહેવાય. ‘જિન સોહી હૈ આત્મા, અન્ય સોહી હૈ કર્મ, એહી વચનસે સમજલે જિન પ્રવચનકા મર્મ.’

દિવ્ય પુરુષ

૩૪. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ ધ્રુવ વસ્તુ છે..એને પર્યાય પકડે છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે આનંદસ્વરૂપ છે–એટલો વિકલ્પ આવે છે, ગુણ ભેદ પડે છે, તેથી તેને એટલો ઉપાયરૂપ કહે છે. પહેલા એટલો વિકલ્પ આવ્યા વિના રહેતો નથી, સમજે, વાંચે, વિચારે તેમાં ધ્રુવ...ધ્રુવ...ધ્રુવ...છું–એટલો વિકલ્પ આવ્યા વિના રહેતો નથી. પર્યાય ગ્રાહક છે ને વસ્તુ ગ્રાહ્ય છે, એટલો વિકલ્પ પહેલાં આવે છે. તેથી વિકલ્પ દ્વારા નિર્વિકલ્પતા થાય છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે, પણ ખરેખર તો ત્રિકાળીના લક્ષે જ નિર્વિકલ્પતા થાય છે.

૩૫. જો તું તારા ચૈતન્યભાવની કિંમત કરીશ તો પરની કિંમત ઉડી જશે. પછી ભલે ઇન્દ્રના ઇન્દ્રાસન કે ચક્રવર્તીના રાજ્ય હોય તોપણ તેની કિંમત ઉડી જશે.

૮૭મી જન્મજયંતી

૩૬. જ્ઞાનની વર્તમાન અવસ્થામાં પર પદાર્થને પણ જાણવાનો તેનો સ્વભાવ છે, તેથી પર પદાર્થની અવસ્થા જ્ઞાનમાં જણાય એટલો જ હું છું એમ અજ્ઞાની માને છે. તેથી પર પદાર્થ નાશ થતાં હું પણ નાશ થઈ જઈશ તેમ મિથ્યાદ્રષ્ટિ માને છે.

૩૭. અરીસાની વર્તમાન અવસ્થામાં જળ,કોલસા,બરફ,અગ્નિ,સર્પ આદિ જણાય છે, તે અવસ્થા જેટલો જ જે માને છે તે, અવસ્થા બદલાતા તેની પાછળ દળ રહી જાય છે તેને માનતો નથી. તેમ એક સમયની અવસ્થા જેટલો જ આત્માને માનનાર જ્ઞેય બદલાતા જ્ઞાનની અવસ્થા બદલી જાય છે, ત્યાં હું નાશ થઈ ગયો તેમ માને છે; પણ તે જ્ઞાન પર્યાય બદલાવા છતાં જ્ઞાનસ્વભાવદળ તેની પાછળ જેવું ને તેવું પડયું જ છે તેને અજ્ઞાની માનતો નથી.

૩૮. અભેદની દ્રષ્ટિ કરાવવાના પ્રયોજનથી ગુણભેદ છે તેને પણ પરદ્રવ્ય કહીને ભેદ ઉપરની દ્રષ્ટિ છોડાવે છે. ભેદના લક્ષે રાગ થતો હોવાથી તેનું લક્ષ છોડવાથી અભેદ લક્ષમાં આવી શકે છે, તે હેતુથી ગુણભેદને પરદ્રવ્ય કહેવામાં આવે છે.

૩૯. જેમ આકાશમાં તારાઓ છે તે પાણીમાં પ્રતિબિંબિત થતાં પાણીને

દેખતાં તારા દેખાય છે. પાણીમાં એ તારા નથી પણ પાણીની સ્વચ્છ પર્યાય છે. તેમ કેવળજ્ઞાનની પર્યાય પોતાને જાણતાં તે પર્યાયમાં લોકાલોક પ્રતિબિંબપણે જણાય જાય છે. લોકાલોકને જાણવા જવું પડતું નથી પણ પોતાને જાણતાં જ જણાય જાય છે.

દિવ્ય–પુરુષ

૪૦. ૧૨ અંગના જ્ઞાનને પણ સ્થૂલ જ્ઞાન કહ્યું છે કે જે બાર અંગનું જ્ઞાન લખ્યું લખાય નહિ, ભણ્યું ભણાય નહિ, સાંભળીને કહી શકાય નહિ, છતાં એ જ્ઞાનને સ્થૂલ કહ્યું છે. જે જ્ઞાન રાગને ભિન્ન પાડીને પર્યાયને ભગવાન બનાવે છે તે જ્ઞાનને ભગવતીપ્રજ્ઞા કહે છે, સમ્યગ્જ્ઞાન કહે છે, એ ભગવતીપ્રજ્ઞા વડે ભવના નીવેડા આવે છે.

૪૧. એક સમયની પર્યાય તે ગ્રાહક છે અને ત્રિકાળી વસ્તુ તે ગ્રાહ્ય છે. ત્રિકાળી વસ્તુ ધ્રુવ છે તેને એક સમયની પર્યાય ગ્રહનાર છે, એટલો ભેદ પડે છે તે વિકલ્પ છે, રાગ છે. રાગમાં રમે તે આત્મા હરામી છે. આત્મામાં રમે તે આત્મારામ છે.

૮૭ મી – જન્મ જયંતી

૪૨. માખી જેવું પ્રાણી ફટકડી ઉપર ચોંટે નહિ અને સાકર ઉપર બેસે તો મીઠાશના લીધે પાંખ તુટે તોપણ ઉખડે નહિ. તેમ જ્ઞાનીને ચૈતન્યના આનંદના સ્વાદની મીઠાશ આગળ ઇન્દ્ર–ચક્રવર્તીના ભોગ પણ દુર્ગંધમય સડેલા મડદાની જેવા લાગે છે. તેથી વિષયોને આકુળતાના કારણ જાણી ફટકડીની જેમ વિષય–ભોગમાં ચોંટતા નથી ને સાકરની–મીઠાશની જેમ અતીન્દ્રિય આનંદમાંથી જ્ઞાની ઉખડતા નથી.

૪૩. ચેતનાગુણનો અનુભવ કરનાર બીજા બધા ઝઘડાનો નાશ કરે છે. આત્મા રાગરૂપ છે, પુણ્યરૂપ છે, જ્ઞાનાનંદરૂપ નથી, પરથી લાભ થાય છે, વ્યવહારથી નિશ્ચય થાય છે વગેરે વિપરીત ઝઘડાનો નાશ કરનારો જ્ઞાની ચેતનાગુણને અનુભવે છે. ચેતનાગુણના અનુભવથી બધા ઝઘડાઓનો, બધી વિપરીતતાનો નાશ થઈ જાય છે.

૪૪. લોકો બાહ્ય ચમત્કારને માને છે પણ ખરો ચમત્કાર તો ચૈતન્યનો છે, ચમત્કાર એવો છે કે સમસ્ત લોકને કોળીયો કરી જાય એવો છે.

અનંતા સિદ્ધો છે તેને એક સમયની જ્ઞાનપર્યાય કોળીયો કરી જાય તેવા ચમત્કાર વાળી છે.

૪૫. કોઈ એમ કહે કે શુભરાગ તે શુદ્ધતાનું સાધન છે, તો એનો અર્થ એ થયો કે અચેતનભાવ સાધન છે ને ચૈતન્યભાવ સાધ્ય છે; બીજી રીતે કહીએ તો શુભરાગ તે અજીવ છે એટલે અજીવ તે સાધન છે ને જીવ તે સાધ્ય છે; ત્રીજી રીતે કહીએ તો શુભરાગ તે દુઃખ ભાવ છે એટલે દુઃખભાવ સાધન છે ને સુખભાવ સાધ્ય છે; ચોથા પ્રકારે કહીએ તો શુભરાગ તે અસ્વભાવભાવ છે તેના વડે શુદ્ધભાવરૂપ સ્વભાવભાવ સાધ્ય છે; આમ શુભરાગને સાધન માનવાથી અનેક રીતે વિપરીતતા સિદ્ધ થાય છે.

[ આજથી ૫૦ વર્ષ પહેલાં વર્ધમાનપુરી–વઢવાણમાં પૂજ્ય ગુરુદેવશ્રીના સં. ૧૯૮૨ની સાલમાં થયેલાં પ્રવચનોમાંથી સંક્ષિપ્ત વચનામૃત અત્રે રજુ કરવામાં આવ્યાં છે. ]

૪૬. ચક્રવર્તીને પોતાની વિશાળ સંપત્તિ છોડવી પણ સહેલી છે અને ભીખારીને પોતાનું એક સકોરું પણ છોડવું મુશ્કેલ લાગે છે. આત્મસ્વરૂપ સમજાય ત્યારે ચક્રવર્તીની સંપત્તિ અને સકોરું બંને સમાન પુદ્‌ગલો ભાસે છે.

૪૭. બીજાના દુઃખો સાંભળીને ઘણી વખત સાંભળનારાંઓને અરેરાટી થઈ જાય છે. પણ તે અરેરાટ (વૈરાગ્ય) સાચો નથી. જીવને દુઃખ અપ્રિય છે એટલે દુઃખની વાત સાંભળવામાં આવતાં ઉદાસીન ભાવ આવી જાય છે, પણ આ ઉપરથી એમ ન સમજવું કે તેને સંસારથી ખરો અરેરાટ થયો છે. તેને તો ચક્રવર્તીની ૠદ્ધિ સાંભળી હર્ષ થાય છે. સંસારથી સાચા વિરક્તભાવવાળાને તો ચક્રવર્તીની ૠદ્ધિનું વર્ણન કે નારકીના દુઃખનું વર્ણન–બન્નેમાં સંસારનું દુઃખ સરખું જ લાગે છે, બંને તરફ સરખો જ ઉદાસીન ભાવ હોય છે.

૪૮. અન્યાયથી ઉપાર્જન કરેલી લક્ષ્મી, બળાત્કારથી લાવેલી સ્ત્રી સમાન લાંબો વખત ટકશે નહિ, ધણીના ગુણપ્રેમથી આકર્ષાયેલી સ્ત્રી કાયમ

રહેશે. તેમ ન્યાયથી ઉપાર્જિત લક્ષ્મી લાંબો વખત ટકી રહેશે. નીતિ તે કપડાં સમાન છે. અને ધર્મ તે દાગીના સમાન છે. કપડાં વિના દાગીના શોભતા નથી, તેમ નીતિ વિના ધર્મ શોભા પામતો નથી.

૪૯. જે કાંઈ દુષ્કર છે, અઘરું છે તે મંદવીર્યવાળાને માટે છે, નિર્બળને માટે છે; વીરને માટે કંઈ જ દુષ્કર કે અઘરું નથી.

૫૦. સર્વ જીવને અસંખ્યાત શત્રુઓ અને મિત્રો દેવલોકમાં છે છતાં જેનો શાતાનો ઉદય હોય તેને જ તે મિત્ર–દેવ મદદ કરવા આવે છે અને અશાતાનો ઉદય હોય તેને જ તે દુશ્મન–દેવ હાની કરવા આવે છે; એટલે પુણ્ય–પાપના ઉદય વિના તે દેવોમાં પણ કોઈને સહાય કે વિઘ્ન કરવાની તાકાત નથી.

બંધ સમય જીવ ચેતીએ, ઉદય સમયે શા ઉચાટ!

૫૧. ઘર–સંસાર છોડવાની બે રીતઃ– એક, સમજીને ઊભા ઊભા નીકળી જવું; અને બીજું, મરી જાય ત્યારે આડા થઈને ઘર છોડવું પડે છે. જો આડા થઈને પણ ઘર છોડવું જ પડશે તો સમજીને થોડું વહેલું પણ ઊભા ઊભા થઈને ઘર કેમ ન છોડવું?

[ જામનગરના ચાતુર્માસ પ્રસંગે પૂજ્ય ગુરુદેવના થયેલા પ્રવચનોમાંથી કેટલાંક વચનામૃત ]

૫૨. સમકિત થવા પહેલાં યોગ્યતા પ્રગટ થાય છે. પહેલાં યોગ્યતા પ્રગટે છે અને પછી વસ્તુ પ્રગટે છેઃ – આમ વસ્તુનો સ્વભાવ છે. વસ્તુસ્વભાવ પ્રગટ થવો તે ભાવનિક્ષેપ છે અને તે ભાવનિક્ષેપ યોગ્ય યોગ્યતા પ્રગટવી તે દ્રવ્યનિક્ષેપ છે. ભાવનિક્ષેપનું લક્ષ થવું તે દ્રવ્યનિક્ષેપ છે. યથાર્થ દ્રવ્યનિક્ષેપ થાય ત્યાં ભાવનિક્ષેપ થાય જ.

૫૩. જ્ઞાની સ્વભાવ–લક્ષણ બતાવતા હોય ને સામી વ્યક્તિ તે લક્ષણથી લક્ષ્ય સમજી જાય એટલે બસ. તે જ્ઞાની અને લક્ષ્ય સમજનાર તે બન્ને એકમત થઈ ગયા. વસ્તુ સ્વભાવનું લક્ષ થવું તે જ યોગ્યતા છે.

૫૪. સ્વવીર્યનો ઉલ્લાલ જોસબંધ એવો કાઢ કે જેવું છે એવું સ્વરૂપ પ્રગટ

દિવ્ય–પુરુષ

૮૭મી–જન્મજયંતી

કર્યે જ છૂટકો. આત્માનું સ્વરૂપ પ્રગટ કરવામાં એક સમયમાત્રનો પણ પ્રમાદ ન કર. અહાહા! આ અવસર વારંવાર નહીં મળે, માટે જલ્દી પહોંચી વળ.

૫૫. જ્ઞાનીઓ કહે છે કે તેં ઘણું શું કર્યું? જ્યારે પોતાનું સિદ્ધસ્વરૂપ પ્રગટ થાય ત્યારે પોતાનું પૂરું કહેવાય, પણ ઘણું તો ન જ કહેવાય. ઘણું તો તેને કહેવાય કે જે વસ્તુનો સ્વભાવ છે તેથી વિશેષ કાંઈક વધી જાય...તો તેણે ઘણું કર્યું કહેવાય, (પણ એમ તો બનતું નથી ).

૫૬. બહારના શત્રુ જીતવાને સો માણસનો આધાર જોઈએ, પણ આત્મામાં જે કર્મશત્રુ–મિથ્યાત્વ, ક્રોધ–માન–માયા–લોભ, રાગ–દ્વેષ આદિ શત્રુ –તેને જીતવામાં અન્ય કોઈનો આધાર જોઈએ નહિ.

૫૭. અનંતકાળ થયા જીવ કષાયના વેગથી દોડી રહ્યો છે, પણ તેને હજુ થાક લાગતો નથી. જો થાક લાગે તો તેને મુંઝવણ થાય; અને મુંઝવણ થાય તો તેની મુંઝવણ ટળે.

૫૮. અનંત વાર જીવે છ–છ મહિનાના ઉપવાસ કર્યા. ચામડાં ઊતરડીને ખાર છાંટયા છતાં આંખનો ખૂણો લાલ કર્યો નહિ. અરે! મનથી પણ ક્રોધ કર્યો નહીં, છતાં જે નિરાલંબનભાવ સમજવો જોઈયે તે રહી ગયો.

૫૯. અજ્ઞાનીઓ જીવવાને લક્ષે જીવી રહ્યા છે એટલે તેને મરણ ગમતું નથી. મરણ આવ્યે પણ તેને જીવવાનું લક્ષ રહ્યા કરે છે. જ્ઞાનીઓ તો મરવાના લક્ષે જ જીવે છે, એટલે આગળથી અજમાયશ અને અખતરા તૈયાર કરી રાખેલ છે; પછી તે મરણને આનંદથી વધાવી લે છે, તેને મરણનાં છેલ્લાં ટાણાં બહુ મહોત્સવનાં હોય છે; તેથી આનંદથી દેહને છોડે છે. જીવવાના ભાવે તો અનંત વખત જીવ્યો, પણ મરવાના ભાવે કોઈ વખત જીવ્યો નથી. મરવાના ભાવે જીવે તો ફરી તેને જન્મ લેવો જ ન પડે.

૬૦. જેને જ્યાં પ્રેમ લાગે છે ત્યાં તે ઝૂકી જાય છે, ખપી જાય છે. જેને મનુષ્યપણે આત્મા...આત્મા...થઈ ગયું છે તેને આત્મા પ્રગટયે જ

દિવ્ય – પુરુષ

૮૭ મી – જન્મ જયંતી

છૂટકો. જેણે આત્માને જાણ્યો છે, તેણે આત્મભાવ મોઢા આગળ કર્યો છે. તેને બીજું કાંઈ ત્રણ કાળમાં મોઢા આગળ (મુખ્ય) થાય એમ નથી. તેને હવે કોઈ ચૌદ બ્રહ્માંડમાં વિઘ્ન કરનાર નથી. જેણે આત્મજીવન પોતાનું પહેલું કર્યું છે તેને હવે ત્રણે કાળમાં તે જીવન જ પહેલું (મુખ્ય) રહેવાનું છે.

૬૧. જેણે અતીન્દ્રિય આનંદ અનુભવ્યો છે તેને વગર આહારે પણ અલૌકિક આનંદ આવે છે. તેને દેહ અને સંસાર મૂકવો તે તો રમતની વાત છે.

૬૨. પંચપરમેષ્ઠીના પ્રેમ કરતાં આ શરીર ઉપર પણ જો પ્રેમ વધી જાય તો તે અનંતાનુબંધીનો લોભ છે.

૬૩. વીર્યનું ફોરવવું જેટલું દોષ તરફ જાય તે બાલવીર્ય છે, અને વીર્યનું જેટલું વલણ ગુણ તરફ જાય તે પંડિતવીર્ય છે.

૬૪. કોઈ એમ કહે કે, આ પહેલાં મોક્ષ ગયા અને આ પછી મોક્ષ ગયા. આવો પહેલાં–પછીનો ભંગ વીતરાગસ્વભાવમાં કાંઈ છે જ નહિ. આત્માનું ભાન થયા પછી એક ભવ કરે કે થોડા વધુ ભવ કરે, પણ વીતરાગ સ્વભાવમાં પહેલાં–પછી એવો ભંગ નથી. પહેલાં–પછીનો ભંગ પાડવો એ તો વિષમતા છે, કષાય છે. ચૈતન્યને પહેલાં–પછી મોક્ષ કહેવો તે તો મેણાં–ટોણાં દેવા બરાબર છે.

૬૫. પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠા મન દ્વારા જે પારકું જાણવું થાય છે તે જ્ઞાન તો ઉછીનારૂપ રહે છે અને ઉછીનું જ્ઞાન ખરે સમયે કામ આવતું નથી.

૬૬. અજ્ઞાનીઓ પોતે જાણેલી વાત જો બીજાને કહે તો એને સંતોષ થાય છે. બીજાને કહેવાનો પ્રસંગ ન હોય તો કહે નહીં, પણ અંદરમાં કહેવાનો અભિપ્રાય આવે ત્યારે તો અભિપ્રાયથી તેને સંતોષ થાય છે. જ્ઞાનીને કોઈને કહેવાથી સંતોષ થતો નથી. પણ પોતાના જ્ઞાનથી–ઉપયોગથી તેને સંતોષ થાય છે. તે જ્ઞાની કદાચ અજ્ઞાની કરતાં વધારે મોટો ઉપદેશક હોય છતાં તેને બીજાને ઉપદેશ દેવાથી સંતોષ થતો નથી; પણ ઉપદેશમાં પોતાના જ્ઞાનનો ઉપયોગ જેટલો રહે છે તેટલો તેને સંતોષ રહે છે. માટે જ્ઞાની બોલે છે છતાં મૌન છે અને અજ્ઞાની ન બોલતો હોય છતાં બોલતો છે.

દિવ્ય–પુરુષ

૮૭મી–જન્મજયંતી

દિવ્ય-પુરુષ

૮૭ મી - જન્મ જયંતી

૬૭. જ્ઞાની કહે છે કે, પછી કરશું, પછી કરશું–એવો અભ્યાસ (વાયદો) જેણે કરી રાખ્યો છે તેને મરણ વખતે પણ પછી જ રહેવાનું છે; કારણકે જેણે પછી... પછીનો સિદ્ધાંત કરી રાખ્યો છે તેને પછી પછીમાં હમણાં કરું એવું નહિ આવે. અને જ્ઞાનીને તો એમ થાય છે કે આ શરીર છૂટવાના સમયે ઘણું જોર પડશે; તો તેમાં જેટલું જોર છે તેટલું જોર આત્માનું પણ તેની સામે જોઈશે. માટે જ્ઞાનીને એમ થાય છે કે મારા ભાવને આ ક્ષણે તૈયાર કરું, આ પળે તૈયાર કરું. 'આ પળે કરું' એવો અભ્યાસ જેણે પાડી રાખ્યો છે તેને મરણ વખતે આ પળ જ આવી જશે.

૬૮. દેવ–ગુરુને ધર્મની જે ભાવના છે તે ભાવનાને કાળ ન હોય; કારણ કે પરમાત્મપદને જેમ કાળ ન હોય તેમ તેની ભાવનાને પણ કાળ ન હોય. ભાવના ભાવતાં એમ ન થઈ જાય કે હું ઘણાં વર્ષથી ભાવના ભાવું છું છતાં ફળ કેમ દેખાતું નથી, એવી આકુળતા ન હોય. આકુળતા છે તે તો કષાય છે, ને જ્યાં આવી આકુળતા થાય ત્યાં તો આત્મભાવ દૂર થતો જાય છે. વળી આકુળતા છે તે પોતાની ભાવનાને મોળી પાડી દે છે તથા તેમાં સંદેહ થઈ જાય છે. તેથી પોતાની સાચી ભાવનાને પણ ખોટી કરી નાખે છે. માટે ભાવનાને કાળ ન હોય. ભાવના તે પણ વસ્તુસ્વરૂપ છે. જો તારી સાચી ભાવના હશે તો તારો આત્મભાવ તને મળશે જ. જેટલું કારણ આપે તેટલું કાર્ય અવશ્ય મળે જ.

૬૯. દૃશ્ય પદાર્થનો પ્રેમ અને દેખનારનો પ્રેમ નહિ, તેનું નામ દર્શનમોહ. સ્વભાવમાં અભિપ્રાયનો પ્રેમ છોડીને પરભાવમાં અભિપ્રાયનો પ્રેમ તે દર્શનમોહ છે.

૭૦. અવળા પરિણામનો કર્તા હું છું, એવો એક પણ નિર્ણય થઈ જાય તો દશા વધતી જાય.

૭૧. ભદ્રિકપણું એટલે પોતાનો નાનો દોષ કોઈ દેખાડે અથવા તો પોતે દેખે ત્યાં તુરત જ પોતે કબૂલ જ કરે છે; બીજાનો નાનો ગુણ દેખે ત્યાં બહુમાન કરે. પોતાની મોટપ વધારવા ને બીજાની હીણપ કરવામાં જે પ્રકારનાં વિચાર, વાણી અને વર્તન થાય તે ભદ્રિકતા ન ગણાય, પણ વક્રતા કહેવાય. પોતાની જે હદ હોય તે હદ ઉપરાંત વધારે પોતાની મોટપ બતાવવા જે વર્તન થાય તે વક્રતા છે.

૭૨. પોતામાં જે ગુણ ન હોય અને બીજા કોઈ તે ગુણ કહે: તમે આવા ગુણી છો; ત્યારે જ્ઞાનીને એમ થાય છે કે, મારામાં આ ગુણ નથી અને મને આ

ગુણ છે એમ કહે છે તે મને આળ આપે છે. અજ્ઞાનીને પોતામાં ગુણ ન હોવા છતાં તેની ભાવના એમ રહ્યા કરે છે કે મને કોઈ ગુણી માને તો ઠીક. આ તેનું અજ્ઞાન છે.

૭૩. એક અવગુણ ટળે ત્યાં તેની સામે ગુણ પ્રગટ થવો જ જોઈએ. ગુણ પ્રગટ થાય તો જ અવગુણ ટળ્યો કહેવાય.

૭૪. જીવે પોતાના સહજ સુખસ્વરૂપ માટે એક ક્ષણ પણ ધીરો થઈને વિચાર કર્યો નથી. જો વિચાર કરે તો વસ્તુ બહુ જ સોંઘી ને સહેલી છે; પણ તીવ્ર જિજ્ઞાસા, ધગશ અને તાલાવેલી જોઈએ. આ સંસારનો રસ છૂટી જાય તો આત્મસ્વરૂપ જરૂર પ્રગટે.

૭૫. સમ્યગ્દ્રષ્ટિ પરિભ્રમણ થાય એવું પાપ કરે નહીં; કદાચ કરે તો છૂટવાની લગામ હાથમાં રાખી છે, એકવાર ઘર જોઈ આવ્યો છે.

૭૬. બીજાના નિમિત્ત વિના, સ્વયં પોતાથી જ સમ્યગ્દર્શન પામનારા પૂર્વની તૈયારીવાળા (પૂર્વના સંસ્કારવાળા) કોઈક વિરલ જીવ જ હોય છે. સત્સમાગમના નિમિત્તે સમ્યગ્દર્શન થાય તે ધોખમાર્ગ છે.

[સં. ૧૯૯૦ માં બોટાદમાં થયેલા પ્રવચનોમાંથી કેટલાંક વચનામૃતો]

૭૭. સોનાનો કસ કોલસે ન આવે, તેના માટે કસોટીનો પથ્થર પણ જુદી જાતનો હોય; તેમ પરમાત્મપદની પરીક્ષા કરનાર પાત્ર પણ જુદી જાતનું હોય છે.

૭૮. અંતર્ગતના પ્રમાણથી જેને વસ્તુ મનાણી હોય, પોષાણી હોય, તેને પછી ઇન્દ્ર ઊતરીને ડગાવવા આવે તોપણ તે ડગે નહીં.

૭૯. સંસારપ્રેમના લક્ષે બાજુમાંથી વાજાં વાગતાં નીકળે તેનો પણ ખ્યાલ રહેતો નથી,...તો આત્માના લક્ષે જગત આખું ભૂલી જવાય તેમાં આશ્ચર્ય શું!!

૮૦. આકુળતાવાળા સુખથી પણ શરીરનો વ્યાધિ ભૂલી જવાય છે તો અનાકુળતાવાળા સુખથી જગત કેમ ન ભૂલાય? અર્થાત્ આત્માના સાચા સુખ વડે સંસારનાં ગમે તેવાં ઘોર દુઃખો પણ ભૂલી જવાય છે.

૮૧. અજ્ઞાની કે જેને સંસારમાં ઘણું રખડવાનું બાકી છે તેને જ્ઞાનીનો આત્મા તો ન સમજાય; પણ તેનો દેહ અને હાડકાં (સંહનન) પણ સમજવાં મોંઘા છે.

દિવ્ય-પુરુષ ૮૭ મી-જન્મજયંતી

(અર્થાત્ અજ્ઞાનીને જ્ઞાનીના પુણ્ય અને પુણ્યના વિપુલ ફળની પણ વાત બેસવી કઠણ છે.)

દિવ્ય પુરુષ

૮૨. એક વસ્તુના એક પડખાનું પણ જેને યથાર્થ જ્ઞાન થાય તેને બધાં પડખાંનું જ્ઞાન યથાર્થ થઈ જાય છે. સમ્યગ્દર્શન સહિતનું મતિશ્રુતજ્ઞાન તે કેવળજ્ઞાનનો અંશ છે, કેવળજ્ઞાનનો નમૂનો છે, કેવળજ્ઞાનનો કટકો છે.

૮૩. અજ્ઞાનીને અજ્ઞાન પ્રમાણરૂપ ન લાગે તો આખો સંસાર જ ઉડી જાય, તેને અજ્ઞાન જ સત્યરૂપ લાગે.

૮૪. રોજ રોટલા ખાવા છતાં અરુચિ થતી નથી, તેમ જ્ઞાનને ફરી ફરીને કહેતાં, સાંભળતાં અરુચિ ન થવી જોઈએ.

૮૫. આજ્ઞા બે પ્રકારે છેઃ દ્રવ્ય આજ્ઞા અને ભાવ આજ્ઞા. દ્રવ્ય આજ્ઞા માને તો પુણ્ય બંધ થાય છે. ભાવ આજ્ઞા સમજવી બહુ મોંઘી છે, ભાવ આજ્ઞા સમયમાત્ર સમજાય તો ભવભ્રમણ ટળી જાય.

૮૬. અંતરના આત્મધર્મની રીત તો ચક્રવર્તી તથા ભીખારી બંનેને સરખી હોય છે. મરણ અને ધરમની રીત તો સર્વને એક જ પ્રકારે હોય છે.

૮૭. જગતનો પ્રેમ ઘટાડયા સિવાય પરેમષ્ઠીના હૃદયમાં શું છે? તેના કાળજામાં શું છે? – તે સમજાય નહીં. માટે પરમેષ્ઠીનું સ્વરૂપ જાણવા જગતનો પ્રેમ ઘટાડવો.

(પાનું ૧૪ થી ચાલુ)

તથા

આવી આવી ફાલ્ગુન દસમી આનંદદાયિની હો બેન, સુમંગલમાલિની હો બેન,
પામ્યાં નિજ અનુભૂતિ તેજદુલારી પાવની હો બેન,પરમ કલ્યાણિની હો બેન......

–વગેરે મધુરાં ભક્તિકાવ્યોથી આજના મંગલ ઉત્સવની પૂર્ણાહૂતિ થઈ હતી.

આ મંગલ ઉત્સવની ખુશાલીમાં મુમુક્ષુ ભક્તો તરફથી ૪૪×૫૦ની રકમો, પૂજ્ય બહેનશ્રીનાં ચરણે આવેલી છૂટક રકમો વગેરે મળીને કુલ રૂા. ૪૦૦૦થી અધિક શ્રી જિનમંદિરને ભેટસ્વરૂપ અર્પણ કરવામાં આવ્યા હતા.

ફાગણ વદ ૧૦ થી ૧૩–ચાર દિવસ સુધી પૂજ્ય ગુરુદેવે વાંકાનેરની ધર્મજિજ્ઞાસુ જનતાને અધ્યાત્મરસનું પાન કરાવીને મોરબી પધાર્યા હતા.

# વાંકાનેરના વર્તમાન

**પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ‘સમ્યક્ત્વ-ઉપલબ્ધિ’ ની ૪૪મી જયંતી**

પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવ મંગલ પ્રવાસમાં તા. ૨૫–૩–૭૬ના રોજ અનુક્રમે વાંકાનેર શહેર પધાર્યા હતા. શ્રી વર્ધમાનસ્વામીના શિખરબદ્ધ ભવ્ય જિનાલયથી વિભૂષિત વાંકાનેર શહેરમાં પૂજ્ય ગુરુદેવનું ભાવભીનું સુંદર સ્વાગત કરવામાં આવ્યું હતું. આખી બજાર ધજાપતાકાથી શણગારવામાં આવી હતી. બબ્બે બેન્ડપાર્ટીના સુમધુર સુરો તથા મહિલાસમાજનાં ગીતોના સમૂહસ્વરોથી સ્વાગતયાત્રા શાનદાર દીપતી હતી. વાંકાનેર દિગંબર જૈન સંઘનો આનંદોત્સાહ તરી ઊઠતો હતો.

પૂજ્ય ગુરુદેવ આજે મુમુક્ષુ સમાજ સમક્ષ વાંકાનેરના બે ખાસ સ્મરણીય પ્રસંગોનો અનેક વાર પ્રસન્નતાથી ઉલ્લેખ કરતા હતાઃ (૧) વિ. સં. ૧૯૭૭માં વાંકાનેર આવેલા, ત્યારે સૌથી પહેલાં આ વાંકાનેરમાં જ મને પૂર્વસંસ્કારમાંથી ૐકાર દિવ્યધ્વનિ આવેલો...(૨) ચંપાબેન વિ. સં. ૧૯૮૯માં ફાગણ વદ ૧૦ના દિવસે અહીં વાંકાનેરમાં સમ્યગ્દર્શન પામ્યા હતા, નિર્વિકલ્પ આત્માનુભૂતિ પામ્યા હતા. આજે પણ ફાગણ વદ ૧૦ છે, યોગાનુયોગ સારો મેળ આવી ગયો છે.

આવા બબ્બે ધન્ય પ્રસંગથી પુનિત થયેલી વાંકાનેર નગરીમાં બરાબર પૂજ્ય બહેનશ્રીની સમ્યક્ત્વપ્રાપ્તિની ૪૪મી જયંતીના મંગલ દિવસે–ફાગણ વદ ૧૦ના રોજ પૂજ્ય ગુરુદેવની પાવન પધરામણી થવાથી મુમુક્ષુ સમાજમાં અનેરો આનંદોલ્લાસ વર્તતો હતો. પવિત્રાત્મા પૂજ્ય ભગવતી બહેનશ્રી ચંપાબેનનાં અંતેવાસી કુમારિકા બ્રહ્મચારી બહેનો તથા અન્ય મહેમાનો પણ આ મંગલ પ્રસંગનો લાભ લેવા સારી સંખ્યામાં આવ્યા હતા. આ ઉત્સવના ઉપલક્ષમાં શ્રી પંચપરમેષ્ટી ભગવંતોની મંડલ માંડીને ત્રણ દિવસ સુધી જિનમંદિરમાં વિધાનપૂજા રાખવામાં આવી હતી.

દસમના સુપ્રભાતે મુમુક્ષુ સમાજના ભાઈબહેનો જિનમંદિરથી બેન્ડવાજા સહિત સમ્યક્ત્વ–વધાઈનાં મંગલ ગીત ગાતાં ગાતાં પૂજ્ય બહેનશ્રીનાં દર્શન કરવા ગયા હતાં. ત્યાં ૪૪ના આંકથી અંકિત ૪૪ મનોહર શ્રીફળયુક્ત મંગલ કુંભ તથા ૪૪

૮૭ મી – જન્મ જયંતી

દિવ્ય – પુરુષ

જ્યોતિર્મય દીપકોની કલામય કમાન રચવામાં આવી હતી. પૂજ્ય બહેનશ્રીની વૈરાગ્યપૂર્ણ અલિપ્ત જ્ઞાનમુદ્રાના પાવન દર્શનથી ભક્તજનો ધન્યતા અનુભવતા હતા.

બપોરે પ્રવચનમાં પૂજ્ય ગુરુદેવે, ભાવકભાવ તેમજ જ્ઞેયભાવના વિવેકને પ્રાપ્ત તથા દર્શનજ્ઞાનચારિત્રસ્વરૂપ પરિણત થયેલા આ આત્માને સ્વાત્માનુભૂતિ કેવા પ્રકારની હોય છે! તેનું હૃદયસ્પર્શી વિવેચન અતિ સરળ ભાષામાં કર્યું હતું.

પ્રવચન પછી શ્રી નવલચંદભાઈ શાહના, પૂજ્ય બહેનશ્રી પ્રતિ ભાવભીના શ્રદ્ધાંજલિ–વક્તવ્ય બાદ, શ્રી વાંકાનેર દિગંબર જૈન સંઘે શ્રી ચિમનલાલભાઈ સંઘવીના હાથે પૂજ્ય બહેનશ્રીને અભિનંદન–પત્ર સમર્પિત કર્યું હતું. આ મંગલ પ્રસંગે શ્રી ચિમનલાલભાઈ સંઘવીના શુભ હસ્તે સ્વાધ્યાયમંદિરમાં પૂજ્ય બહેનશ્રીના વિશાળ ફોટો–ચિત્રની અનાવરણવિધિ થઈ હતી. સંઘવીપરિવારનાં બહેનોએ પૂજ્ય બહેનશ્રીને તિલક કરી, હાર પહેરાવીને વધાવ્યા હતા. પૂજ્ય ગુરુદેવની પ્રસન્નતાપૂર્ણ મંગલ છાયામાં થયેલી આ વિધિ અતિ ભવ્ય લાગતી હતી. ઉપસ્થિત મુમુક્ષુ સમાજ જયનાદપૂર્વક આ ભવ્ય પ્રસંગને આનંદથી વધાવતો હતો.

સાંજે પૂજ્ય બહેનશ્રી, મકાનમાલિકના વિનમ્ર આગ્રહથી ‘સાધનાભૂમિ’માં –‘સમ્યક્ત્વભૂમિ’માં પધાર્યા હતા. ત્યાં–

× × ×

અંતર મંથન ને તીવ્ર લગનીથી
પ્રખર પુરુષાર્થે કહેતા’તા ભ્રાતને
કે છેટું રહ્યું છે લગાર...
ધન્ય ઘડી આવી દસમીની સુખકાર...
અહો! માત ઊતર્યા ભવોદધિ પાર...

× × ×

-વગેરે અનેક ભક્તિગીતોથી ભક્તોએ ભાવભરી ભક્તિ કરી હતી.
રાત્રે પૂજ્ય ગુરુદેવની તત્ત્વચર્ચાના ક્રમ પછી, પૂજ્ય બહેનશ્રીના ઉતારે-

‘જ્ઞાન’ વધાઈના રે કે સુર મધુર ગાજે સાહેલડી
વાંકાનેર શહેરમાં રે કે ચોઘડિયાં વાગે સાહેલડી...

[ અનુસંધાન પાનું ૧૨ ]

# અધ્યાત્મયુગપ્રવર્તક કાનજીસ્વામી

“વર્તમાન કાળમાં અધ્યાત્મરસના રસિક જીવો બહુજ થોડા છે. છતાં ધન્ય છે તેમને કે જે સ્વાનુભવની વાર્તા પણ કહે છે.”

**-પંડિતપ્રવર ટોડરમલ રહસ્યપૂર્ણ ચિઠ્ઠી સં. ૧૮૧૧, ફાગણ વદી ૫.**

ભૌતિકવાદના કપરા જમાનામાં કે જ્યારે વિજ્ઞાન હરણફાળે આગેકૂચ કરી રહ્યું છે અને જેમાં સર્વત્ર પ્રાયઃ સર્વ જગત વિજ્ઞાન અને અજ્ઞાનથી પીડાઈ રહ્યું છે ત્યારે આ કલિકાળમાં પણ ખારા સમુદ્રમાં મીઠાપાણીની વેરડી સમાન...

જેમણે વિશ્વવંદ્ય ભગવાન શ્રી મહાવીર શાસનના વીતરાગીમાર્ગના છ દ્રવ્યો, સાત તત્ત્વ, દેવ–ગુરુ–ધર્મ, દ્રવ્ય–ગુણ–પર્યાય, સ્યાદ્‌વાદ–અનેકાંત, નિશ્ચય–વ્યવહાર, ઉપાદાન–નિમિત્ત, અકર્તાવાદ–ક્રમબદ્ધપર્યાય વિગેરે ગૂઢતમ મૌલિક સિદ્ધાંતોના રહસ્યોનું સરલ–સુબોધ શૈલીમાં આધ્યાત્મિક પ્રવચનો દ્વારા ઉદ્‌ઘાટન કર્યું છે. એટલું જ નહિ પણ અનાદિનિધન જિનપ્રવચન –જીવંત તીર્થશ્રુત પરંપરાને દેશે–દેશે, નગરે–નગરે, ગામે–ગામે, ગલીએ–ગલીએ, ઘરે–ઘરે સંપ્રદાય અને જાતિભેદને ભૂલાવીને આબાળ–ગોપાળને દેશભાષામાં સાહિત્યપ્રકાશન દ્વારા તથા પ્રૌઢ અને વિદ્યાર્થી–વર્ગ તત્ત્વજ્ઞાન શિક્ષણ શિબિરો દ્વારા શ્રુતગંગાને વહેવડાવી ભારતની આધ્યાત્મિક ધરાતળને પુનઃ આજે આધ્યાત્મિક વાતાવરણથી નવસિંચન કરી–નવસર્જન કરી જીવંત તથા રસાળ બનાવી વસુંધરા નામને સાર્થક કરી છે. જેના ફળ સ્વરૂપે ભવ્યજીવોમાં શુદ્ધાત્મા સમજવાની, ઓળખવાની –અનુભવવાની રુચિ–જિજ્ઞાસા–ભૂખ સર્વત્ર જાગૃત થઈ છે અને એક નવા આધ્યાત્મિક યુગનો પ્રારંભ થયો છે, મંગલસુપ્રભાત થઈને સૂર્યોદય થયો છે, તથા અધ્યાત્મની ભરતી આવી છે.

ત્રણ ભુવનમાં સાર વીતરાગ વિજ્ઞાનતા જ છે. અને ભગવાન આત્મા સદા ત્રિકાળ વીતરાગવિજ્ઞાનઘનસ્વરૂપ મંગળ છે, અનન્ય શરણ ભૂત છે, એવો જયઘોષ જેમના પ્રસાદે ગાજતો થયો છે તથા સર્વ જીવોના માનસપટે અમીટપણે કોતરાઈ ગયો છે. વિશેષતઃ આ મહારથી સારથીએ આખા જગતને એકમાત્ર ધ્રુવના ધ્યેયની બરાતમાં–અધ્યાત્મ–વિદ્યાના રથમાં જોડયા છે.

**૮૭મી – જન્મજયંતી**

દિવ્ય–પુરુષ

વ્યક્તિ સ્વાતંત્ર્ય અને વાણી સ્વાતંત્ર્યની પ્રાપ્તિ માટે ભૌતિક દુનિયા જ્યારે તલસી રહી છે, પરાન્મુખી બની વલખાં મારી રહી છે, ભીખ માંગી રહી છે. ત્યારે ભગવાન મહાવીરે પ્રરૂપેલ સિદ્ધાંતો દ્વારા વિશ્વમાં છ દ્રવ્યો છે, જડ અને ચેતન, આત્મા અને પરમાણું–બધાય સૌ અનાદિનિધન સ્વતંત્ર છે, પોતપોતાના સ્વભાવથી સૌ પરિપૂર્ણ છે. ‘સ્વપણે છે અને પરપણે નથી’ એવા અનેકાંતિક સ્વભાવમયી દ્રવ્યોની સ્વતંત્રતાનો ઉદ્ઘોષ કરી ઢંઢેરો પીટી નિર્ભીકપણે જાહેર કર્યું છે કે ‘દ્રવ્ય સત્–ગુણસત્ પ્રત્યેક પર્યાય પણ સત્, ભલે તે વિકારી હો કે અવિકારી હો–સ્વતંત્ર–અહેતુક અને સ્વયંસિદ્ધ છે, તથા દરેક આત્મા ત્રિકાળ સ્વભાવે સુખસ્વરૂપ છે એવો સિંહનાદ કરી ચિરકાળથી મોહનિંદ્રામાં પોઢેલા જીવોને વીર–સંજીવની જડીબૂટ્ટી દ્વારા જગાડી ચૈતન્યચમત્કાર સ્વરૂપ અચિંત્ય મહા પદાર્થ નિજશુદ્ધાત્મામાં ચમત્કૃત કર્યો છે.

“એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈપણ ભલું–બુરું કરી શકે જ નહિ” તથા રાગમાં ધર્મ નહિ, જૈનધર્મ તો એક વીતરાગભાવ છે, “એવી જિનમાર્ગની મહત્ત્વપૂર્ણ રજીસ્ટર્ડ ટ્રેડમાર્ક સિદ્ધાંતોની બુલંદ ઉદ્ઘોષણા અને રાગ તથા જ્ઞાન બંને ત્રિકાળ જુદાં જુદાં છે.” એવી ભેદજ્ઞાનની સતત વાગતી વીણાના નાદે અનેક ભવ્ય જીવોને ગૃહીત મિથ્યાત્વની નાગચૂડમાંથી અજ્ઞાન, પાખંડ અને ઢોંગના પોપડમોની પાશવી લીલાથી ઊગારી લીધા છે તથા આત્મઅનુભવનાં અમૃતપાન પીવાને પ્રેરણા આપી છે, તથા જેમના દ્વારા અંતબાહ્ય નિશ્ચય–વ્યવહાર તીર્થોની સુસ્થાપના–સુરક્ષા–અને વૃદ્ધિ થઈ રહી છે.

ન્યાય, તર્ક, યુક્તિ, આગમપરંપરા–ગુરુપરંપરા અને સ્વાનુભવના પ્રમાણની કસોટીએ સ્વયં શુદ્ધાત્માને–દ્રવ્ય–ભાવ સમયસારને એ પારખુએ પારખી લીધો છે તથા તેમાં વિશેષ મગ્નતા થવી એ જે જેનું જીવન અને વ્યવસાય થઈ પડયો છે. તથા જેમનું રહ્યું–સહ્યું ચૈતન્યજીવન જીવનપર્યંત અંર્તબાહ્ય વૈભવો વડે આખા જગતને “રે આત્મ તારો, આત્મ તારો શીઘ્ર એને ઓળખો” એમાં સમર્પિત થયેલ છે. ભારતના મુમુક્ષુ સમાજને માટે અણમોલ ભેટ સમાન છે. એવા મહાન ઉપકારી અધ્યાત્મયુગપ્રવર્તક–જિનમાર્ગપ્રવચનરહસ્યોદ્ઘાટક, આત્મજ્ઞ સંત પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીને શત શત વંદન–શત શત અભિનંદન.

બાબુભાઈ ચુનીલાલ મહેતા, ફતેપુર

# સાધનાધામમાં પૂજ્ય ભગવતી બહેનશ્રી ચંપાબેનના શ્રીમુખથી વહેલા



## અધ્યાત્મ-અમૃતની પ્રસાદી

[ વાંકાનેર, ફાગણ વદ ૧૦, સં. ૨૦૩૨ ]

'બહેન ! મુમુક્ષુએ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા માટે શું કરવું તે વિષે થોડું કહો' એમ કોઈ મુમુક્ષુભાઈ તરફથી વિનંતિ કરવામાં આવતાં, 'પૂજ્ય ગુરુદેવ ઘણું કહે છે; સમ્યગ્દર્શન વિષે, તેના પુરુષાર્થ વિષે, જ્ઞાયક તત્ત્વ વિષે ઘણું સ્પષ્ટ સમજાવે છે; હું શું કહું ? ' એમ પહેલાં તો પૂ. બહેનશ્રી નરમાશથી બોલ્યા; પછી જરા થોભીને નીચે પ્રમાણે ઉદ્‌ગારો નીકળ્યાઃ–

ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો...જ્ઞાયક આત્માને ઓળખવો... 'હું જ્ઞાયકસ્વરૂપ છું' ...આત્માને બધાંથી જુદો-પરદ્રવ્યથી જુદો, પરભાવોથી જુદો જાણવો... જુદો જ છે.

અનાદિકાળથી પોતે પોતાનું સ્વરૂપ છોડયું નથી, પણ ભ્રાન્તિને લીધે 'છોડી દીધું છે' એમ ભાસ્યું છે. અનાદિ કાળથી દ્રવ્ય તો શુદ્ધતાથી ભરેલું છે, જ્ઞાયકસ્વરૂપ જ છે, આનંદસ્વરૂપ જ છે. અનંત ચમત્કારિક શક્તિ તેમાં ભરેલી છે.

'જ્ઞાયકસ્વરૂપ છું' એવો અભ્યાસ કરવો, તેની પ્રતીતિ કરવી; પ્રતીતિ કરી તેમાં ઠરી જતાં, અનંત ચમત્કારિક શક્તિ તેમાં છે તે પ્રગટ અનુભવમાં આવે છે.

**પ્રશ્નઃ-** મુમુક્ષુ જીવ પ્રથમ શું કરે ?

**ઉત્તરઃ-** પ્રથમ દ્રવ્ય-ગુણ-પર્યાય-બધાંને ઓળખે. ચૈતન્યદ્રવ્યના સામાન્ય- સ્વભાવને ઓળખીને, તેના ઉપર દૃષ્ટિ કરીને, તેનો અભ્યાસ કરતાં કરતાં ચૈતન્ય તેમાં ઠરી જાય, તો તેમાં વિભૂતિ છે તે પ્રગટ થાય છે. ચૈતન્યના અસલી સ્વભાવની લગની લાગે, તો પ્રતીતિ થાય; તેમાં ઠરે તો તેનો અનુભવ થાય છે.

પહેલાંમાં પહેલાં ચૈતન્યને ઓળખવો, ચૈતન્યમાં જ વિશ્વાસ કરવો અને પછી ચૈતન્યમાં જ ઠરવું...તો ચૈતન્ય પ્રગટે, તેની શક્તિ પ્રગટે.

પ્રગટ કરવામાં પોતાની તૈયારી-ઉગ્ર પુરુષાર્થ વારંવાર કરે, જ્ઞાયકનો જ અભ્યાસ, જ્ઞાયકનું જ મંથન, તેનું જ ચિંતવન કરે તો પ્રગટ થાય.

પૂજ્ય ગુરુદેવે માર્ગ બતાવ્યો છે; ચારે પડખેથી સ્પષ્ટ કર્યું છે.

**પ્રશ્નઃ-** આત્માની વિભૂતિને ઉપમા આપી સમજાવો.

**ઉત્તરઃ-** ચૈતન્યતત્ત્વમાં વિભૂતિ ભરી છે. કોઈ ઉપમા તેને લાગુ પડતી નથી. ચૈતન્યમાં જે વિભૂતિ ભરી છે તે અનુભવમાં આવે છે; ઉપમા શી અપાય ?

**પ્રશ્નઃ-** પ્રથમ આત્માનુભવ થતાં પહેલાં, છેલ્લો વિકલ્પ કેવો હોય ?

**ઉત્તરઃ-** છેલ્લા વિકલ્પનો કોઈ નિયમ નથી. ભેદજ્ઞાનપૂર્વક શુદ્ધાત્મતત્ત્વની સન્મુખતાનો અભ્યાસ કરતાં કરતાં ચૈતન્યતત્ત્વની પ્રાપ્તિ થાય છે. જ્યાં જ્ઞાયક તરફ પરિણતિ ઢળી રહી હોય છે, ત્યાં કયો વિકલ્પ છેલ્લો હોય (અર્થાત્ છેલ્લે અમુક જ વિકલ્પ હોય) એવો 'વિકલ્પ' સંબંધી કોઈ નિયમ નથી. જ્ઞાયકધારાની ઉગ્રતા-તીક્ષ્ણતા થાય ત્યાં 'વિકલ્પ કયો ?' તેનો સંબંધ નથી. **[ અનુસંધાન કવર પેજ ૩ ]**

## પૂજ્ય ગુરુદેવ પ્રત્યે અત્યંત અર્પણતા પૂર્વક ભાવભીની પૂજ્ય બેનશ્રીબેનની ભક્તિ

# ગુરુ-મહિમા

દિવ્ય પુરુષ

શ્રી સદ્‌ગુરુજી મહિમા અપાર કે, હું શું કથી શકું રે લોલ.
તેમના ગુણ છે અપરંપાર કે, અચિંત્ય આત્મ ઝળકી રહ્યો રે લોલ.

અદ્‌ભુત જ્ઞાન ખજાનો અપાર કે, ચરણાદિક શોભી રહ્યા રે લોલ.
ખીલેલ આતમશક્તિ અપાર કે, ચૈતન્ય તેજ દીપી રહ્યું રે લોલ.

સમયસાર-આદિમાંથી કાઢેલ માવો કે, ખવડાવ્યો ખંતથી રે લોલ.
પીંખી પીંખી અને સમજાવ્યું, રહસ્ય હૃદયનું રે લોલ.

અસલી સ્વરૂપનું આપ્યું જ્ઞાન કે, ન્યાલ સેવકને કર્યો રે લોલ.
આવો પુરુષ આ કાળે અજોડ કે, દુર્લભતા સત્ તણી રે લોલ.

પ્રભુ નો’તાં કેવળી સંતના જોગ કે, એકાકી સત્ શોધીયું રે લોલ.
પ્રભુ મત મતાંતરના મોટા ભેદ કે, વચ્ચેથી સાર કાઢીયો રે લોલ.

સુરલોકે ઈંદ્રો ગાય છે ગીત કે, ભરતના આ ભૂપના રે લોલ.
ભરતમાં વર્તી રહ્યો છે જયકાર કે, મહિમા કહાનગુરુ તણો રે લોલ.

પ્રભુ પામરને કર્યો ઉપકાર અમાપ કે, અમૃત રેડીયાં રે લોલ.
આ શરીરની શીવડાવું ખોળ કે, બદલો નવી વળે રે લોલ.

ઝાઝું શું કહીયે કૃપાનાથ કે, દાસ હું આપનો રે લોલ.
પ્રભુ અતિ અતિ દીજીએ આત્મતણો લાભ કે, કૃપા વરસાવીને રે લોલ.

સાક્ષાત્ સુરમણી સુરતરુ નાથ કે, ફળીઓ સત્‌ગુરુ રે લોલ.
કઈ વિધ પૂજું કઈ વિધ વંદુ નાથ કે, ગુરુ મહિમા અપાર છે રે લોલ.

૮૭ મી જન્મ જયંતી

## મુમુક્ષુઓનું મંગલ પર્વ
# ગુરુ-જયંતી

દિ વ્ય પુ રુ ષ

ગુર્જરદેશના કાનમ પ્રદેશમાં આવેલા પાલેજ ગ્રામમાં એક સત્તર વર્ષીય વણિકકુમાર, દુકાનના વાણોતર સાથે, રામલીલા જોઈને ચાલ્યો આવે છે. રામલીલાનાં દ્રશ્યો જોઈને તેના હૃદયમાં વૈરાગ્યની ખૂમારી ચઢી ગઈ છે. સાક્ષરત્વ કે કવિત્વ નહીં હોવા છતાં વૈરાગ્યની ધૂનમાં છ કડીનું એક કાવ્ય રચાઈ જાય છે. કાવ્યની આદ્ય પંક્તિ હતી.

**“શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ;”**

સહજ રચાઈ ગયેલી તે પંક્તિઓમાં પૂર્વસંસ્કારના સૂચક કોઈ ગહન સંકેત હતા. તેમાં શિવરમણીને-પૂર્ણ પરમાનંદમય મોક્ષપરિણતિને-વરવાની ઉત્તમ ભાવના હતી. તે મંગલમય પરિણતિનું વરણ કરવાને (વરવાને) શક્તિમાન દેવાધિદેવ હું પોતે જ છું- એવી દ્રઢતાની અવ્યક્ત સ્ફુરણા હતી.

એ તરુણ વણિકકુમાર તે આગળ જતાં હજારો જીવોને અધ્યાત્મનો રાહ દર્શાવનાર આપણા પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી.

નિકટ પૂર્વભવમાં દેવાધિદેવ તીર્થંકરભગવાનનો સાક્ષાત્ સમાગમ કરીને આવેલા હોવાથી અને નજીકના ભવિષ્યમાં પોતે સ્વયં ‘દેવાધિદેવ’ પદને પ્રાપ્ત થનાર હોવાથી તેમને શતેન્દ્રવંદ્ય, મુક્તિરમણી વરનાર ‘દેવાધિદેવ’પદના ભણકાર લઘુવયથી જ આવતા હતા.

વૈરાગ્યપ્રેમને લીધે વ્યાપારમાં ચિત્ત ચોંટયું નહીં; ત્યાગમય જીવન સ્વીકાર્યું. સ્થાનકવાસી સાધુજીવનમાં ત્યાગના આદર્શ સાથે સંપ્રદાયના

૮૭ મી જ ન્મ જ યં તી

આગમોનો અભ્યાસ ખૂબ કર્યો...પણ તે અધ્યાત્મવિદ્યાશૂન્ય આગમાભ્યાસથી સંતોષ થયો નહિ...તેમનો અંતરાત્મા આધ્યાત્મિક સત્યની ખોજ માટે તડપતો હતો.... આત્માનુભવશૂન્ય સાંપ્રદાદિક રૂઢિઓથી મુક્તિ ચાહતો હતો.

દિવ્ય-પુરુષ

ઘણીવાર તેમને અંદરમાં ભાસ થતો કે 'હું રાજકુમાર છું.' એકવડિયો ઊંચો દેહ, ઝરિયનનાં કપડાં વગેરે યાદ આવતું; કોઈવાર અંદર ભણકાર આવતા કે 'હું તીર્થંકર છું;' કોઈ વાર ૐકાર ધ્વનિનો નાદ આવતો; વિ. સં. ૧૯૭૮, વૈશાખ વદ ૮ ના રોજ ઉત્તરાધ્યયમાંના મૃગાપુત્રના અધ્યયનની સ્વાધ્યાય કરીને જરી આડાપડખે થયા ત્યાં ૐકાર ધ્વનિનો નાદ તથા સાડા બાર કરોડ વાજાંનો ધ્વનિ સ્મરણમાં આવ્યો. આ બધું શું આવે છે? તેનો સ્પષ્ટ ઉકેલ તેમને મળતો ન હતો.

૮૭ મી-જન્મજયંતી

વિ. સં. ૧૯૭૮ માં શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવનું સમયસાર પરમાગમ વાંચવામાં આવ્યું. કુશળ ઝવેરીની માફક અધ્યાત્મપ્રભામંડિત પરમ રત્ન તેમણે તુરત જ પારખી લીધું. સમયસારના અંતરમુખી અભ્યાસથી તેમની દિશા બદલાઈ ગઈ. ત્રિકાળી નિજ શુદ્ધાત્મતત્ત્વ સિવાય અન્ય ધાર્મિક અનુષ્ઠાનો કેવળ પુણ્યબંધનો હેતુ છે, આત્મપ્રાપ્તિ માટે નિરર્થક છે; અને ભવસંતતિછેદક આત્મોપલબ્ધિ માટે અખંડ જ્ઞાનાનંદઘનરૂપ શુદ્ધાત્મદ્રવ્ય-સામાન્ય જ એકમાત્ર શરણ છે-એમ સ્પષ્ટ પ્રતિભાસવા લાગ્યું. વ્યાખ્યાનમાં પણ જડ ક્રિયાકાંડને સયુક્તિ નિરર્થક દર્શાવી અધ્યાત્મજ્ઞાનની આવશ્યકતાનું વજન આવવા માંડયું...અને તેથી હજારો બુદ્ધિજીવી શ્રોતાઓના શ્રદ્ધાસ્પદ બની ગયા. સંપ્રદાયમાં અધ્યાત્મવક્તા તરીકે 'કાઠિયાવાડના કોહીનૂર'રૂપે તેમની કીર્તિ દિગંત પ્રસરી.

ભગવત્કુંદકુંદાચાર્યદેવનાં પરમાગમો ઉપરાંત અન્ય દિગંબર આચાર્યોનાં અનેક શાસ્ત્રોનું ગહન અવગાહન કર્યું. સંપ્રદાયની રૂઢિગત પ્રણાલીથી સનાતનસત્ય વીતરાગમાર્ગ જુદો જ ભાસ્યો, વાડામાં રહીને સત્ય માર્ગનું પ્રકાશન અશક્ય લાગ્યું. દીર્ઘ સુવિચાર તથા ઊંડા મનોમંથનના પરિણામે સોનગઢમાં વિ. સં. ૧૯૯૧ માં મહાવીરજયંતીના મંગલ દિને સંપ્રદાયના ચિહ્નનો ત્યાગ કરી ક્રાન્તિમય પરિવર્તન કર્યું.

સોનગઢ સાધનાભૂમિ બન્યું. પરિચિત અધ્યાત્મપિપાસુઓનો વૃંદ સોનગઢ આવવા આકર્ષાયો.

દિવ્ય – પુરુષ

વિ. સં. ૧૯૯૩ માં પૂજ્ય ગુરુદેવના મંગલ પ્રભાવના–ઉદયને અસાધારણ બળ પ્રેરનાર એક અદ્‌ભુત ચમત્કારપૂર્ણ ઘટના બની. પરમોપકારી ગુરુદેવના સર્વોત્તમ ભક્ત આત્મજ્ઞવિભૂતિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને, શુદ્ધાત્માનુભૂતિમાંથી ઉપયોગ બહાર આવતાં, પૂર્વભવોનું સહજ સ્મરણ આવ્યું. ઘણા મહિના સુધી ગંભીરતાપૂર્વક ગુપ્તતા જાળવીને પછી પૂજ્ય બહેનશ્રીએ–પૂજ્ય ગુરુદેવનો જીવ ગત પૂર્વભવમાં જંબુદ્વીપના પૂર્વવિદેહક્ષેત્રમાં રાજકુમાર હતો, શરીરનો બાંધો એકવડિયો ઊંચો હતો, આવાં ઊંચી જાતનાં ઝરિયનનાં વસ્ત્રો પહેરતા હતા. બહેનશ્રી ચંપાબેનનો જીવ ( –ગત પૂર્વભવમાં દેવરાજ નામના શ્રેષ્ઠપુત્ર ) અને રાજકુમાર વગેરે ચાર જીવો મિત્ર હતા. તેઓ શ્રી સીમંધરભગવાનના સમવસરણમાં દિવ્યધ્વનિ સાંભળવા સાથે જતા હતા. ભરતક્ષેત્રના ભગવત્કુંદકુંદાચાર્યદેવ વિદેહક્ષેત્રે શ્રી સીમંધરભગવાનની સભામાં પધાર્યા અને ત્યાં આઠ દિવસ રહ્યા ત્યારે રાજકુમાર તથા શ્રેષ્ઠપુત્ર વગેરેની ત્યાં હાજરી હતી...અને ‘આ રાજકુમાર ભવિષ્યમાં ધાતુકીખંડમાં સૂર્યકીર્તિ નામના તીર્થંકર થશે’ એ વાત ભગવાનની દિવ્યધ્વનિમાં પ્રત્યક્ષ સાંભળી હતી...વગેરે–જાતિસ્મરણમાં આવેલી હકીકતો પૂજ્ય ગુરુદેવ સમક્ષ, પૂજ્ય ગુરુદેવની જાણ માટે, ગૌપ્યભાવે પ્રગટ કરી.

૮૭મી – જન્મજયંતી

પૂર્વભવની તે વાત સાંભળતાં વેંત જ ગુરુદેવને તેની તથ્યતા હૃદયંગત થઈ ગઈ....અને કહ્યું કે “બેન આ હકીકત સાવ સાચી છે; મને પણ ઘણી વાર આવો ભાસ આવતો હતો; પણ તેનો સ્પષ્ટ ઉકેલ સમજાતો નહોતો. ‘હું તીર્થંકર છું’ એમ અંદરથી આવતું હતું પણ તેનો અર્થ હવે સમજાયો કે ‘હું તીર્થંકરનો જીવ છું.’ તમારા નિર્મળ જાતિસ્મરણજ્ઞાનથી તે ભાસનો બધો ભેદ આજે સ્પષ્ટ થયો છે; એ વાત ‘એમ જ છે’ તેની સચોટ પ્રતીતિ થઈ છે અને અંતઃપરિણતિને બળ મળ્યું છે.”

પૂર્વભવમાં દેવાધિદેવ શ્રી સીમંધરપ્રભુના સમોશરણના સભાસદ અને ભવિષ્યના ભવમાં સ્વયં દેવાધિદેવ તીર્થંકર થઈ શિવરમણી વરનાર એવા

દિવ્ય પુરુષ

૮૭ મી જન્મજયંતી

આ ગુરુદેવનો કલ્યાણકારી સમાગમ આ કાળે આપણને પ્રાપ્ત થયો છે તે આપણું મહાન અહો ભાગ્ય છે. પુરાણગ્રંથોમાં તીર્થંકરજીવના પૂર્વભવોમાં તેના સમીપવર્તી અનેક જીવોનાં રોચક વૃત્તાન્ત આલેખાયેલાં છે, પણ અહીં તો ભાવી તીર્થંકરના પૂર્વભવમાં તેમના સાક્ષાત્ અંતેવાસી બની આત્મસાધનાનો અદ્‌ભુત યોગ સંપ્રાપ્ત થયો છે તે ખરેખર આપણું મહાન સદ્‌ભાગ્ય છે.

જેમણે આચાર્યદેવ શ્રી કુંદકુંદપ્રભુના અધ્યાત્મમાર્ગનો પુનરુદ્યોત કરીને વીતરાગ જિનશાસનને ખરેખર ઉજાળ્યું છે, જેમણે સ્વયં અનુભૂત શુદ્ધાત્મદ્રષ્ટિનો સમ્યક્‌માર્ગ આપણને આપ્યો છે, પરમપારિણામિકભાવસ્વરૂપ ત્રિકાળી ધ્રુવ નિજ શુદ્ધાત્મદ્રવ્યના પવિત્ર આલંબનનો અમોઘ મંત્ર આપીને જેમણે આપણો ઉદ્ધાર કર્યો છે અને એ રીતે આપણને લોકોત્તર વીતરાગી માર્ગના અનુગામી બનાવ્યા છે એવા પરમકૃપાળુ ગુરુદેવનો આપણા ઉપર અસાધારણ મહાન ઉપકાર વર્તે છે. તેમણે ચીંધેલા અધ્યાત્મમાર્ગમાં ગમન કર્યા સિવાય તે અણહેતુક મહાન ઉપકારીનું ઋણ ચૂકવી શકાય તેમ નથી.

અંતમાં, અધ્યાત્મતીર્થ પ્રદ્યોતક આ પરમોપકારી મહાપુરુષની ૮૭મી મંગલ જન્મજયંતીના શુભ પ્રસંગે, તેમના અનંત અનંત ઉપકારોને આત્મસાત્ કરીને, પંચકલ્યાણકોથી વિભૂષિત તેમની મુક્તિયાત્રામાં અમે અચૂક સાથે રહીએ એવી પવિત્રતમ ભાવના સહ અત્યંત ભક્તિભાવે શ્રદ્ધાંજલિ સમર્પિત કરું છું.

**-બ્ર. ચંદુલાલ ખીમચંદ ઝોબાળિયા**

---

## આત્માર્થને ખાતર-

હે શાર્દૂલ! હે સિંહ! જે પુરુષાર્થ ઊપડયો તે અખંડપણે તું જાગૃત રાખજે. દેહને ખાતર અનંત ભવ વ્યતીત થયા. હવે સંતો કહે છે કે, તારા આત્માર્થને ખાતર આ જીવન અર્પણ કરી દે..

## અધ્યાત્મયુગ પ્રવર્તક, નિર્ગ્રંથ વીતરાગમાર્ગના પરમ ઉપાસક, જિનેન્દ્રશાસનના જ્યોતિર્ધર પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી પ્રત્યે સાદર સમર્પિત

# શ્રદ્ધાંજલિ

દિવ્ય – પુરુષ

દ્રવ્ય અપેક્ષાએ જેમનું આત્મજીવન અનાદિ–અનંત છે, ભાવ અપેક્ષાએ પરિપૂર્ણ શુદ્ધાત્મજીવન દ્વારા જેઓશ્રી અલ્પકાળમાં સાદિ–અનંત અજન્મ દશા પ્રાપ્ત કરવાના છે તેવા અભિનંદનીય–અભિવંદનીય ભારતની ભવ્ય વિભૂતિ, મહાન ધર્મક્રાંતિકાર, પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીનાં પાવન ચરણકમળમાં તેમની ૮૭મી જન્મજયંતી પ્રસંગે અત્યંત ભક્તિભાવે અને આત્મોલ્લાસપૂર્વક શ્રદ્ધા–સુમન અર્પણ કરીએ છીએ.

કારણ કે

૮૭મી – જન્મજયંતી

તેઓશ્રીએ પરિવર્તનશીલ સંસારમાં અપરિવર્તનશીલ જ્ઞાયકસ્વભાવનું અપૂર્વ માહાત્મ્ય સમજાવ્યું છે, ભવ્ય જીવોને સિદ્ધિ સદન પ્રત્યે લઈ જનાર મોક્ષમાર્ગનું યથાર્થ વિધાન કર્યું છે, વીતરાગી માર્ગના વિમલ પંથે વિચરવાની પ્રબળ પ્રેરણા આપી છે, ભવાટવીમાં ભટકતા પ્રાણીઓને મુક્તિનગરે સહીસલામત પહોંચાડવા માટે અધ્યાત્મ માર્ગદર્શક તરીકે કાર્યવાહી કરી છે, અપૂર્વ આત્મશુદ્ધિના પાવન સંદેશા અનુભવપૂર્ણ અમોઘ આત્મસ્પર્શી વાણી દ્વારા આપ્યા છે, અનુપમ સ્વરૂપસંપદા વડે સહજાનંદપરિણતિનો તાદૃશ ચિતાર અધ્યાત્મરસિક જનતા સમક્ષ રજૂ કર્યો છે, આત્મસમૃદ્ધિમાંથી ચૈતન્યનાં સુવર્ણ નિધાનો ખુલ્લાં મૂક્યાં છે, શુદ્ધ અંતરમાંથી ઝરતાં ઉપશમરસનાં અમૃતબિંદુઓ વડે સંસારના ત્રિવિધ તાપોનું શમન કર્યું છે, જીવનપથને જ્યોતિર્મય બનાવવા માટે અધ્યાત્મજ્ઞાનદીપક પ્રગટાવ્યા છે, ભોગમાર્ગનો ત્યાગ કરી મુક્તિસાધક મહાયોગનું અદ્વિતીય અવલંબન લીધું છે, આત્મભ્રાંતિરૂપ મહારોગનો ક્ષય કરવા માટે સમ્યક્ત્વસુધાનું પાન કરાવ્યું છે, પરમપારિણામિકભાવને ધ્રુવ તારો બનાવીને મોક્ષપાટણ પહોંચવા પ્રવાસ આદર્યો છે અને અધ્યાત્મ શ્રુતસાગરમાંથી

દિવ્ય પુરુષ

૮૭ મી જન્મ જયંતી

અનેક મહામૂલાં અલૌકિક સિદ્ધાંતમૌક્તિકો એકત્ર કરીને જગત સમક્ષ પ્રદર્શિત કર્યા છે.

ઉપરોક્ત બધી કાર્યવાહી દ્વારા જેમણે જગત ઉપર મહાન ઉપકાર કર્યો છે તેનું યથાશક્તિ સ્મરણ કરતાં અમો અત્યાનંદનો અનુભવ કરીએ છીએ અને અંતરની ભાવભીની ઊર્મિઓથી આપશ્રીને વધાવીએ છીએ તથા આપશ્રી શતાયુ બની અમારા સૌના જીવનપંથને સદા ઉજાળ્યા કરો એવી વિનીત ભાવે પ્રાર્થના કરીએ છીએ.

આપની જયંતી તે અમર સિદ્ધાંતોના પુનર્જીવનની જયંતી છે. આપનું જીવન એટલે સત્‌નું નવનિર્માણ, આપની વાણી એટલે દિવ્યધ્વનિના પડઘા, ભવનો અભાવ કરવાની ઉત્તમ કળા અને જડ-ચેતનની અત્યંત ભિન્નતાનું સ્વતંત્ર પ્રદર્શન છે. તેથી અંત્યાબ્દમાં આપે અનુભવેલ અતીન્દ્રિય આત્માનંદથી અધિક આત્માનંદ આપશ્રી આગતાબ્દોમાં અનુભવો એવી આંતરિક અભિલાષા અને અભ્યર્થના. **-ખીમચંદ જેઠાલાલ શેઠ**

❀ ❀ ❀

[ પાનું ૨૪ થી ચાલું ]

કાળમાં પણ પ્રાપ્ત છે... ને તેમનો મંગલ જન્મોત્સવ આજે તેમના સાન્નિધ્યમાં આપણે ઉજવી રહ્યા છીએ-તે કેવો કલ્યાણકારી પ્રસંગ છે! તે ઉજવવા માટે શું કરવું? ગુરુદેવ આપણને હંમેશા બતાવે છે કે રાગથી ભિન્ન ચૈતન્યતત્ત્વની પ્રીતિ કરીને તેની વાત પણ જે સાંભળશે-તે ભવ્યજીવ ભવિષ્યમાં જરૂર સિદ્ધપદને પામશે. પ્રભો! આપની સર્વજ્ઞતાને અને આપના અતીન્દ્રિય મહાઆનંદને અમે જ્યાં જ્ઞાનમાં યાદ કરીએ છીએ ત્યાં અમારા આત્મામાંથી જડતા દૂર થઈ જાય છે ને ચેતનપ્રભુ જાગી ઊઠે છે.

જે ગુરુદેવના પ્રતાપે જ આપણને જૈનધર્મની ને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રાપ્તિ થઈ છે, મુમુક્ષુના જેઓ એક આધાર છે, જેમના શાસનમાં પવિત્ર બેનશ્રી જેવા ધર્મરત્ન પાકયા છે, જેમણે ભવ્યજીવોને સાચો મોક્ષપંથ દેખાડયો છે, જેમણે પંચપરમેષ્ઠીના, છ દ્રવ્યના, સાત તત્ત્વના ખરા સ્વરૂપની ઓળખાણ કરાવી છે-એવા પરમ ઉપકારી પૂજ્ય ગુરુદેવના ચરણોમાં ભક્તિભીના ચિત્તે લાખ-લાખ વંદના. **-બ્ર. હરિલાલ જૈન**

# તીર્થંકરની સાથે-

દિવ્ય પુરુષ

૮૭ મી જન્મજયંતી

જૈનપુરાણોમાં આપણે જ્યારે કોઈ તીર્થંકરપ્રભુના પૂર્વભવોનું વર્ણન વાંચીએ છીએ, અને તે પૂર્વભવોમાં તેમની સાથે રહેલા બીજા સુભાગી જીવોનું વર્ણન વાંચીએ છીએ–ત્યારે આપણને કેવી પ્રસન્નતા થાય છે! –તે પુરાણના અભ્યાસીઓ જાણે છે. તો આપણને એવા મહત્પુરુષ મળ્યા છે કે જેમના જીવનમાં ઉપરની હકીકત બરાબર લાગુ પડે છે. ગુરુદેવના જ શ્રીમુખથી અનેકવાર આનંદકારી ઉદ્ગાર સાંભળ્યા છે કે 'મારો આ ભવ એ તીર્થંકરપ્રકૃતિ બાંધવા પહેલાંનો ભવ છે' એટલે કે હવેના મનુષ્યભવમાં તીર્થંકરપ્રકૃતિ બંધાશે.' સાક્ષાત્ તીર્થંકરભગવાનના સમવસરણમાં પૂજ્ય બેનશ્રી ચંપાબેને એ વાત સાંભળેલી છે.

અહા, એક તીર્થંકરના પૂર્વભવમાં તેમની સાથે રહેવાનું સૌભાગ્ય મળવું–એ કેવા મહાન હર્ષની વાત છે! તે તો આપણે સૌ જાણીએ છીએ. તે ઉપરાંત, ગુરુદેવ જે સર્વોત્કૃષ્ટ સુંદર આત્મતત્ત્વનું સ્વરૂપ સમજાવે છે તે સ્વરૂપ સમજતાં જે આનંદ થાય ને ભવના અંતના ભણકાર આવે–તેની શી વાત!! ગુરુદેવ વારંવાર કહે છે કે સર્વજ્ઞદેવે કહેલું આ વસ્તુસ્વરૂપ જે સમજશે તે ન્યાલ થઈ જશે.

પંચમકાળમાંય ભવના અંતના કોલકરાર આપનારા આવા ગુરુ આ કાળે આપણને મળ્યા તે આપણા માટે સર્વોત્કૃષ્ટ ઉપલબ્ધિ છે. એમનું વર્તમાન જીવન જુઓ તો ચૈતન્યભગવાનના ભણકારથી ભરેલું, એમનું ભાવિજીવન જુઓ તો ભગવાનસ્વરૂપ, અને એમનું ભૂતકાળનું જીવન જુઓ તો ભગવાન સાથે સંકળાયેલું છે. –જો આપણા જ્ઞાનને આપણે માત્ર ચાર ભવ લંબાવીને જોઈ શકીએ તો આપણને ગુરુદેવના બદલે એક સાક્ષાત્ 'સૂર્ય' જેવા તેજસ્વી તીર્થંકરના જ દર્શન થાય છે; અથવા, દ્રવ્યનિક્ષેપના બળે ભવિષ્યને વર્તમાનરૂપે જોતાં આવડે તોપણ એક ભગવાનના જ દર્શન થાય છે. અહા, જ્ઞાનભગવાન, સુખભગવાન, વીર્યભગવાન, એવા અનંતા ભગવાનપણાથી ભરેલા ચૈતન્યભગવાનના દર્શન કરાવનારા 'ભગવાન' આ પંચમ–

( અનુસંધાન પાનું ૨૩ )

## પૂજ્ય શ્રી કાનજીસ્વામી દ્વારા સોનગઢમાં સભામાં થયેલા

# ❁ શાસ્ત્ર-પ્રવચન ❁

૧ શ્રી સમયસાર
૨ " પ્રવચનસાર
૩ " પંચાસ્તિકાય
૪ " અષ્ટપાહુડ
૫ " પરમાત્મપ્રકાશ
૬ " નિયમસાર
૭ " ષટ્ખંડાગમ ભાગ–૧
૮ " કાર્તિકેય અનુપ્રેક્ષા
૯ " પદ્મનંદિ–પંચવિંશતિકા
૧૦ " સમાધિ–શતક
૧૧ " તત્ત્વાર્થસાર
૧૨ " આત્માનુશાસન
૧૩ " બૃહત્–દ્રવ્ય સંગ્રહ
૧૪ " યોગસાર ( અમિતગતિઆચાર્ય )
૧૫ " ઇષ્ટોપદેશ
૧૬ " સમયસાર નાટક
૧૭ " મોક્ષમાર્ગ પ્રકાશક
૧૮ શ્રી તત્ત્વજ્ઞાન તરંગિણી
૧૯ " સમ્યગ્જ્ઞાન દીપિકા
૨૦ " અનુભવ–પ્રકાશ
૨૧ " ભક્તામર સ્તોત્ર
૨૨ " યોગસાર ( યોગીન્દ્રદેવ )
૨૩ " છઢાળા
૨૪ " સમયસાર કલશ ટીકા
૨૫ " આત્મસિદ્ધિ ( શ્રીમદ્ રાજચંદ્ર )
૨૬ " પુરુષાર્થ સિદ્ધિ ઉપાય
૨૭ " ઉપાદાન–નિમિત્તના દોહા
૨૮ " રહસ્યપૂર્ણ ચિઠ્ઠી ( પં. ટોડરમલજી )
૨૯ " ઉપાદાન–નિમિત્તની ચિઠ્ઠી ( પં. બનારસીદાસ )
૩૦ શ્રી પરમાર્થ વચનિકા ( પં. બનારસીદાસ )
૩૧ " દ્વાદશાનુપ્રેક્ષા
૩૨ " વિષાપહાર સ્તોત્ર
૩૩ " દશલક્ષણ ધર્મ

* * *

## ❁ સોનગઢમાં અન્ય સામાજિક પ્રવૃત્તિ ❁

૧ શ્રી જૈન વિદ્યાર્થીગૃહ
૨ " યાત્રિકાશ્રમ ( હિન્દી ધર્મશાળા )
૩ " કહાન રાહત કેન્દ્ર
૪ " મહાવીર ઔષધાલય
૫ " ખુશાલ અતીથિગૃહ

## સત્ પુરુષ શ્રી કાનજીસ્વામીના શુભ હસ્તે થયેલી

# ❁ પંચકલ્યાણક-પ્રતિષ્ઠાઓ ❁

### [ ગુજરાતી તીથિ પ્રમાણે ]

| ક્રમ | સ્થળ | મંગળ પ્રતિષ્ઠા | વીર સંવત |
|---|---|---|---|
| ૧ | સોનગઢ જિન મંદિર | ફાગણ સુદ ૨ | ૨૪૬૭ |
| ૨ | સોનગઢ સમવસરણ મંદિર | વૈશાખ વદ ૬ | ૨૪૬૮ |
| ૩ | વિંછિયા જિન મંદિર | ફાગણ સુદ ૭ | ૨૪૭૫ |
| ૪ | લાઠી જિન મંદિર | જેઠ સુદ ૫ | ૨૪૭૫ |
| ૫ | રાજકોટ જિન મંદિર | ફાગણ સુદ ૧૨ | ૨૪૭૬ |
| ૬ | સોનગઢ માનસ્તંભ | ચૈત્ર સુદ ૧૦ | ૨૪૭૯ |
| ૭ | પોરબંદર જિન મંદિર | ફાગણ સુદ ૩ | ૨૪૮૦ |
| ૮ | મોરબી જિન મંદિ | ચૈત્ર સુદ ૨ | ૨૪૮૦ |
| ૯ | વાંકાનેર જિન મંદિર | ચૈત્ર સુદ ૧૩ | ૨૪૮૦ |
| ૧૦ | લીંબડી જિન મંદિર | વૈશાખ સુદ ૧૩ | ૨૪૮૪ |
| ૧૧ | મુંબઈ જિન મંદિર | મહા સુદ ૬ | ૨૪૮૫ |
| ૧૨ | જામનગર જિન મંદિર | મહા સુદ ૭ | ૨૪૮૭ |
| ૧૩ | જોરાવરનગર જિન મંદિર | વૈશાખ સુદ ૧૩ | ૨૪૮૯ |
| ૧૪ | દાદર–મુંબઈ જિન મંદિર | વૈશાખ સુદ ૧૧ | ૨૪૯૦ |
| ૧૫ | રાજકોટ સમવસરણ | વૈશાખ સુદ ૧૨ | ૨૪૯૧ |
| ૧૬ | રાજકોટ માનસ્તંભ | વૈશાખ સુદ ૧૨ | ૨૪૯૧ |
| ૧૭ | આંકડિયા જિન મંદિર | મહા સુદ ૫ | ૨૪૯૩ |
| ૧૮ | હિંમતનગર જિન મંદિર | મહા સુદ ૧૦ | ૨૪૯૩ |
| ૧૯ | અમદાવાદ જિન મંદિર | ફાગણ સુદ ૫ | ૨૪૯૫ |
| ૨૦ | મલાડ–મુંબઈ જિન મંદિર | વૈશાખ સુદ ૭ | ૨૪૯૫ |
| ૨૧ | ઘાટકોપર–મુંબઈ જિન મંદિર | વૈશાખ સુદ ૮ | ૨૪૯૫ |
| ૨૨ | રણાસણ જિન મંદિર | ફાગણ વદ ૨ | ૨૪૯૬ |
| ૨૩ | અંતરીક્ષ–પાર્શ્વનાથ જિન મંદિર | ફાગણ સુદ ૨ | ૨૪૯૬ |

| | | | |
|---|---|---|---|
| ૨૪ | ભાવનગર જિન મંદિર | વૈશાખ સુદ ૩ | ૨૪૯૬ |
| ૨૫ | ઘાટકોપર સર્વોદય હોસ્પિટલ | ફાગણ વદ ૨ | ૨૪૯૮ |
| ૨૬ | ફતેપુર વૈશાખ | સુદ ૩ | ૨૪૯૮ |
| ૨૭ | શ્રી મહાવીર–કુંદકુંદ પરમાગમ મંદિર | ફાગણ સુદ ૧૩ | ૨૫૦૦ |
| ૨૮ | ભોપાલ–પીપલાની | મહા વદ ૩ | ૨૫૦૧ |
| ૨૯ | બેંગલોર ચૈત્ર | સુદ ૧૩ | ૨૫૦૧ |
| ૩૦ | વઢવાણશહેર | ફાગણ સુદ ૮ | ૨૫૦૨ |

* * *

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢના સહકારથી આયોજિત**

# શિક્ષણ-શિબિરો

| | | | |
|---|---|---|---|
| ૧ | રાજકોટ | ૧૮ | જલગાંવ |
| ૨ | ઈન્દોર | ૧૯ | તીર્થક્ષેત્ર પપૌરાજી ( જિ. સાગર ) |
| ૩ | જયપુર | ૨૦ | કોટા |
| ૪ | ભોપાલ | ૨૧ | તીર્થક્ષેત્ર શ્રી સોનાગિર |
| ૫ | ગુના | ૨૨ | મૌ ( મ. પ્ર. ) |
| ૬ | વિદિશા | ૨૩ | કોલ્હાપુર |
| ૭ | ફતેપુર | ૨૪ | ઉજ્જૈન |
| ૮ | તલોદ | ૨૫ | બંડા ( મ. પ્ર. ) |
| ૯ | હિંમતનગર | ૨૬ | સાગર |
| ૧૦ | અશોકનગર | ૨૭ | કાનપુર |
| ૧૧ | આગ્રા | ૨૮ | ફાલેગાવ ( મહારાષ્ટ્ર ) |
| ૧૨ | ઉદયપુર | ૨૯ | બેંગલોર |
| ૧૩ | પ્રાંતિજ | ૩૦ | નાગપુર |
| ૧૪ | જાંબૂડી | ૩૧ | લલિતપુર |
| ૧૫ | છિંદવાડા | ૩૨ | ખનિયાધાના |
| ૧૬ | મલકાપુર | ૩૩ | તીર્થક્ષેત્ર શ્રી સમ્મેદશિખરજી |
| ૧૭ | સોલાપુર | | |

* * *

## પૂજ્ય શ્રી કાનજીસ્વામીના શુભહસ્તે થયેલી
# વેદી-પ્રતિષ્ઠાઓ
### [ ગુજરાતી તીથિ પ્રમાણે ]

| ક્રમ | સ્થળ | મંગળ પ્રતિષ્ઠા-દિવસ | વીર સંવત |
|---|---|---|---|
| ૧ | વઢવાણશહેર | ચૈત્ર વદ ૮ | ૨૪૮૦ |
| ૨ | સુરેન્દ્રનગર | વૈશાખ સુદ ૨ | ૨૪૮૦ |
| ૩ | રાણપુર | વૈશાખ સુદ ૧૩ | ૨૪૮૦ |
| ૪ | ઉમરાળા | જેઠ સુદ ૫ | ૨૪૮૦ |
| ૫ | બોટાદ | ચૈત્ર સુદ ૮ | ૨૪૮૦ |
| ૬ | સોનગઢ ( નૂતનમંદિર ) | કારતક સુદ ૧૨ | ૨૪૮૩ |
| ૭ | પાલેજ | માગસર સુદ ૧૧ | ૨૪૮૩ |
| ૮ | ખેરાગઢ | ચૈત્ર સુદ ૧ | ૨૪૮૫ |
| ૯ | વડિયા | મહા સુદ ૬ | ૨૪૮૬ |
| ૧૦ | જેતપુર | મહા સુદ ૧૧ | ૨૪૮૬ |
| ૧૧ | ગોંડલ | મહા સુદ ૧૪ | ૨૪૮૬ |
| ૧૨ | સાવરકુંડલા | ફાગણ સુદ ૧૨ | ૨૪૮૭ |
| ૧૩ | દહેગામ | વૈશાખ વદ ૮ | ૨૪૮૯ |
| ૧૪ | ભોપાલ | જેઠ સુદ ૬ | ૨૪૮૯ |
| ૧૫ | રખિયાલ | ફાગણ વદ ૩ | ૨૪૯૦ |
| ૧૬ | ઉજ્જૈન | મહા વદ ૬ | ૨૪૯૧ |
| ૧૭ | જસદણ | પોષ વદ ૭ | ૨૪૯૩ |
| ૧૮ | જયપુર | ફાગણ સુદ ૨ | ૨૪૯૩ |
| ૧૯ | ઉદયપુર | ચૈત્ર વદ ૫ | ૨૪૯૩ |
| ૨૦ | મક્ષી પાર્શ્વનાથ | વૈશાખ વદ ૭ | ૨૪૯૫ |
| ૨૧ | જલગામ | ફાગણ સુદ ૬ | ૨૪૯૬ |

| | | | |
|---|---|---|---|
| ૨૨ | કાનાતળાવ | ચૈત્ર વદ ૮ | ૨૪૯૬ |
| ૨૩ | અમરેલી | ફાગણ સુદ ૫ | ૨૪૯૮ |
| ૨૪ | રામપુરા | વૈશાખ સુદ ૫ | ૨૪૯૮ |
| ૨૫ | બામણવાડા | વૈશાખ સુદ ૬ | ૨૪૯૮ |
| ૨૬ | જાંબૂડી | કારતક સુદ ૧૩ | ૨૫૦૦ |
| ૨૭ | ગઢડા | વૈશાખ વદ ૨ | ૨૫૦૦ |
| ૨૮ | જુનાગઢ | મહા સુદ ૫ | ૨૫૦૧ |
| ૨૯ | ખુરઈ | મહા વદ ૭ | ૨૫૦૧ |
| ૩૦ | સનાવદ | મહા વદ ૧૧ | ૨૫૦૧ |

* * *

## પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની જન્મ-જયંતી

### જન્મધામઃ- ઉમરાળા ( સૌરાષ્ટ્ર ), જન્મતીથિઃ વીર સંવત ૨૪૧૬, વૈશાખ સુદ ૨, રવિવાર

| ક્રમ | જન્મ-જયંતી | સ્થળ | વીર સંવત |
|---|---|---|---|
| ૧ | ૫૯મી | સોનગઢ | ૨૪૭૪ |
| ૨ | ૬૦ ” | રાજકોટ | ૨૪૭૫ |
| ૩ | ૬૧ ” | સોનગઢ | ૨૪૭૬ |
| ૪ | ૬૨ ” | સોનગઢ | ૨૪૭૭ |
| ૫ | ૬૩ ” | સોનગઢ | ૨૪૭૮ |
| ૬ | ૬૪ ” | સોનગઢ | ૨૪૭૯ |
| ૭ | ૬૫ ” | સુરેન્દ્રનગર | ૨૪૮૦ |
| ૮ | ૬૬ ” | સોનગઢ | ૨૪૮૧ |
| ૯ | ૬૭ ” | સોનગઢ | ૨૪૮૨ |
| ૧૦ | ૬૮ ” | અમદાવાદ | ૨૪૮૩ |
| ૧૧ | ૬૯ ” | સુરેન્દ્રનગર | ૨૪૮૪ |
| ૧૨ | ૭૦ ” | ફતેપુર | ૨૪૮૫ |
| ૧૩ | ૭૧ ” | ઉમરાળા | ૨૪૮૬ |

| | | | |
|---|---|---|---|
| ૧૪ | ૭૨ ” | સોનગઢ | ૨૪૮૭ |
| ૧૫ | ૭૩ ” | રાજકોટ | ૨૪૮૮ |
| ૧૬ | ૭૪ ” | લાઠી | ૨૪૮૯ |
| ૧૭ | ૭૫ ” | મુંબઈ | ૨૪૯૦ |
| ૧૮ | ૭૬ ” | રાજકોટ | ૨૪૯૧ |
| ૧૯ | ૭૭ ” | સોનગઢ | ૨૪૯૨ |
| ૨૦ | ૭૮ ” | બોટાદ | ૨૪૯૩ |
| ૨૧ | ૭૯ ” | વિંછિયા | ૨૪૯૪ |
| ૨૨ | ૮૦ ” | મુંબઈ | ૨૪૯૫ |
| ૨૩ | ૮૧ ” | ભાવનગર | ૨૪૯૬ |
| ૨૪ | ૮૨ ” | પોરબંદર | ૨૪૯૭ |
| ૨૫ | ૮૩ ” | ફતેપુર | ૨૪૯૮ |
| ૨૬ | ૮૪ ” | કલકત્તા | ૨૪૯૯ |
| ૨૭ | ૮૫ ” | મુંબઈ | ૨૫૦૦ |
| ૨૮ | ૮૬ ” | અમદાવાદ | ૨૫૦૧ |
| ૨૯ | ૮૭ ” | દાદર ( મુંબઈ ) | ૨૫૦૨ |

* * *

## સોનગઢમાં જિન મંદિર આદિ વિવિધ સ્થાપના

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી જૈન સ્વાધ્યાય મંદિર | વૈશાખ વદ ૮ | ૨૪૬૪ |
| ૨ | ” સીમંધરસ્વામી દિગંબર જિનમંદિર | ફાગણ સુદ | ૨૨૪૬૭ |
| ૨ | ” સીમંધરસ્વામીનું નૂતન જિનમંદિર | કારતક સુદ ૧૨ | ૨૪૮૩ |
| ૩ | ” સનાતન જૈન બ્રહ્મચર્યાશ્રમ | ભાદરવા સુદ ૫ | ૨૪૬૮ |
| ૪ | ” કુંદકુંદ પ્રવચન–મંડપ | ફાગણ સુદ ૩ | ૨૪૭૩ |
| ૫ | ” સમવસરણ | વૈશાખ વદ ૬ | ૨૪૬૮ |
| ૬ | ” કુંદકુંદ શ્રાવિકાશ્રમ | મહા વદ ૧૩ | ૨૪૭૭ |
| ૭ | ” ગોગીદેવી બ્રહ્મચર્યાશ્રમ | મહા સુદ ૫ | ૨૪૭૮ |
| ૮ | ” માનસ્તંભજી | ચૈત્ર સુદ ૧૦ | ૨૪૭૯ |
| ૯ | ” કુંદકુંદકહાન જૈન શાસ્ત્ર ભંડાર | ભાદરવા સુદ ૪ | ૨૪૯૩ |
| ૧૦ | ” મહાવીર–કુંદકુંદ પરમાગમ મંદિર | ફાગણ સુદ ૧૩ | ૨૫૦૦ |

## સત્ પુરુષ શ્રી કાનજી સ્વામીની સંઘ સહિત

# ❀ તીર્થયાત્રા ❀

૧ શ્રી શત્રુંજય
૨ ” ગિરનાર
૩ ” સમ્મેદશિખર
૪ ” શ્રમણબેલગોલ
૫ ” પોન્નૂર હિલ
૬ ” પાવાગઢ
૭ ” ગજપંથા
૮ ” માંગીતુંગી
૯ ” બડવાની
૧૦ ” પાવાગિરિ–ઉન
૧૧ ” સિદ્ધવર કૂટ
૧૨ ” મક્ષી પાર્શ્વનાથ
૧૩ ” સોનાગિરિ
૧૪ ” સૌરીપુર
૧૫ ” મથુરા
૧૬ ” અયોધ્યા
૧૭ ” બનારસ
૧૮ શ્રી સિંહપુરી
૧૯ ” ચંદ્રપુરી
૨૦ ” પટણા
૨૧ ” રાજગૃહી
૨૨ ” કુંડલપુર
૨૩ ” પાવાપુરી
૨૪ ” ચંપાપુરી
૨૫ ” કુંદાદ્રિ
૨૬ ” મૂડબિદ્રી
૨૭ ” કારકલ
૨૮ ” વેણુર
૨૯ ” કુંથલગિરિ
૩૦ ” અંતરીક્ષજી
૩૧ ” મુક્તાગિરિ
૩૨ ” આહારજી
૩૩ ” પપૌરાજી
૩૪ ” થોવનજી
૩૫ શ્રી ચંદેરી
૩૬ ” ખજુરાહા
૩૭ ” નૈનાગિરિ
૩૮ ” દ્રોણગિરિ
૩૯ ” દેવગઢ
૪૦ ” કૂંડલપુર
૪૧ ” ખંડગિરિ
૪૨ ” ઉદયગિરિ
૪૩ ” રામટેક
૪૪ ” અંકલેશ્વર
૪૫ ” તારંગાજી
૪૬ ” સૌજત
૪૭ ” મહાવીરજી
૪૮ ” પદમપુરી
૪૯ ” કેશરિયાજી
૫૦ ” હસ્તિનાપુર
૫૧ ” કુમ્ભોજ બાહુબલી

# ❀ સોનગઢમાં ઉજવાયેલ પૂજન વિધાન ❀

૧ શ્રી નંદીશ્વરદ્વીપ પૂજન વિધાન
૨ ” અકૃત્રિમ જિન શાશ્વત જિનાલય પૂજન વિધાન
૩ ” દશ લક્ષણધર્મ પૂજન વિધાન
૪ ” રત્નત્રય પૂજન વિધાન
૫ ” સિદ્ધચક્ર પૂજન વિધાન
૬ ” વીસ વિહરમાન પૂજન વિધાન
૭ શ્રી ચોવીસ તીર્થંકર પૂજન વિધાન
૮ ” અસ્ટોત્તર સહસ્ત્રનામ મંડળ પૂજન વિધાન
૯ ” અઢીદ્વીપ પૂજન વિધાન
૧૦ ” ચૌસઠ ઋદ્ધિ મંડળ વિધાન
૧૧ ” તેરદ્વીપ પૂજન વિધાન
૧૨ ” પંચપરમેષ્ઠી પૂજન વિધાન

## -: રાજકોટના સમાચાર:-

❖ વઢવાણથી મંગલ પ્રસ્થાન કરીને તા. ૯–૩–૭૬ થી તા. ૨૦–૩–૭૬ સુધી પૂજ્ય ગુરુદેવ રાજકોટ પધાર્યા હતા. તે દરમ્યાન શ્રી સમયસારજીની ગાથા ૪૯ તથા ૨૭૬–૨૭૭ અને શ્રી કળશ–ટીકાના કળશ ૧૮૧ તથા ૨૫૨ ઉપર પૂજ્ય ગુરુદેવના અલૌકિક પ્રવચનો થયા હતા. તદુપરાંત રોજ રાત્રે તત્ત્વ સંબંધી તત્ત્વચર્ચા થતી હતી.

❖ પ્રશમમૂર્તિ પૂજ્ય ભગવતી ચંપાબેનને રાજકોટ સંઘે એક અભિનંદન પત્ર અર્પણ કર્યું હતું.

❖ ભગવાન શ્રી કુંદકુંદ આચાર્યના ચરણપાદુકા, ચિત્રપટ તથા જિનવાણી શ્રી સમયસાર, શ્રી પ્રવચનસાર તથા શ્રી નિયમસારની ગાથાઓનું હરિગીત આરસમાં કોતરાવીને ત્યાંના સ્વાધ્યાય–મંદિરમાં સ્થાપના કરવાનું નક્કી કરેલ છે.

---


## જાહેરાત

### જૈન વિદ્યાર્થીઓ માટે અભ્યાસની સુંદર સગવડ

### શ્રી જૈન વિદ્યાર્થીગૃહ–સોનગઢ, જિલ્લો–ભાવનગર– ( ગુજરાત )

ઉપરોક્ત બોર્ડિંગમાં જેઓ ધોરણ ૫ થી ધોરણ ૧૦ સુધી તથા હાયર સેકન્ડરીનાં બે વર્ષ સુધીમાં અભ્યાસ કરતા હોય અને જેમની ઉંમર ૧૦ વર્ષથી ૧૯ વર્ષ સુધીની હોય તેવા જૈન વિદ્યાર્થીઓને માસિક પૂરી ફીના ભોજનના લવાજમના રૂા. ૬૦/– અને ગરીબ માટે માસિક રૂા. ૩૫/– લઈ દાખલ કરવામાં આવે છે.

અહીં હાઈસ્કૂલ તથા હાયર સેકન્ડરીના વ્યવહારિક અભ્યાસ ઉપરાંત વિદ્યાર્થીઓને શ્રી સનાતન દિગમ્બર જૈન દર્શનનો ધાર્મિક અભ્યાસ તથા પરમપૂજ્ય ‘શ્રી કાનજીસ્વામી’ જેવા મહાન, અદ્વિતીય આધ્યાત્મિક સંતનાં તત્ત્વપૂર્ણ વ્યાખ્યાન–શ્રવણનો અપૂર્વ લાભ મળે છે.

અહીં સંસ્થામાં ખોરાક ચોકખો તથા સાત્વીક આપવામાં આવે છે.

તો દાખલ થવા ઈચ્છતા જૈન વિદ્યાર્થીઓએ ૨૫ નયા પૈસાની પોસ્ટની ટિકિટ બીડી તા. ૨૫–૪–૭૬ સુધીમાં પ્રવેશપત્ર અને નિયમો મંગાવી લેવાં અને તે ભરીને વાર્ષિક પરીક્ષાના પરિણામ સાથે તા. ૨૫–૫–૭૬ સુધીમાં પરત બીડવાં. –લિ. મંત્રી

# કેવળજ્ઞાનનો મહિમા
(ગતાંકથી ચાલુ)

રાજાઃ– ૧૧, હે પ્રભુ! આપે દિવ્ય ઉપદેશમાં ચૈતન્યતત્ત્વનો અગાધ સર્વોત્કૃષ્ટ મહિમા બતાવ્યો છે. એવા ચૈતન્યતત્ત્વની અનુભૂતિ કરવી તે જ જૈનશાસન છે.

રાણીઃ– ૧૧, અહો! ભગવાન સર્વજ્ઞદેવને ઉપદેશ વગેરેની ક્રિયાઓ તીર્થંકર નામકર્મના ઉદયથી થતી હોવાથી ઔદયિક હોવા છતાં, મોહના અભાવને લીધે તેમની તે ક્રિયાઓ ક્ષાયિકી જ માનવામાં આવી છે, ક્ષણે ક્ષણે તેમને કર્મનો ક્ષય જ થતો જાય છે.

રાજાઃ– ૧૨, હે પ્રભુ! આપે સાચું જ કહ્યું છે કેઃ

**“મિથ્યાત્વાદિ સેવતાં થયું જીવને દુઃખ,<br>તે છોડી સમ્યક્ ભજતાં થાયે સાચું સુખ;<br>એવું સમ્યક્ સેવીએ, જગતમાં જે સાર,<br>વીતરાગવિજ્ઞાનથી થઈએ ભવથી પાર.”**

રાણીઃ– ૧૨, મિથ્યાત્વાદિ ભાવો તે જ જગતની જાળ છે; તેમાં અટવાયે તો જીવ ચાર ગતિમાં રખડે છે ને દુઃખી થાય છે. તે દુઃખથી છોડાવવાને અને સુખની પ્રાપ્તિ માટે પ્રભુ આપની દિવ્યધ્વનિ નિમિત્ત કારણ છે.

રાજાઃ– ૧૩, અહા! કેવળજ્ઞાન તે જ્ઞાનમય છે. જ્ઞાન જ મોક્ષનો હેતુ છે. જ્ઞાન એક જ આત્માનું નિજપદ છે. તેના સેવનથી મોક્ષપદ પમાય છે.

**“આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને<br>આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો! ઉત્તમ થશે.”**

રાણીઃ– ૧૩, ભગવાન નેમિનાથ પહેલાં સાધુપદમાં હતાં, ને અત્યારે કેવળજ્ઞાન પામીને અરિહંતપદમાં આવ્યા. પંચપરમેષ્ઠીમાં પાંચમાં પદે હતા, તેઓ હવે પહેલા પદમાં આવ્યા. ‘ણમો લોએ સવ્વસાહૂણં’ તેમાંથી હવે ‘ણમો અરિહંતાણં’ માં આવ્યા.

રાજાઃ– ૧૪, ભગવાને સાધુપદ પણ ગિરનારના સહેસાવનમાં જ લીધું હતું અને આજે કેવળજ્ઞાન પણ ગિરનારમાં જ પામ્યા ને હવે મોક્ષપદ પણ ગિરનારથી જ પામશે. એ રીતે

ભગવાન નેમપ્રભુને પાંચમું, છઠ્ઠું, સાતમું, આઠમું, નવમું, દસમું, બારમું, તેરમું અને ચૌદમું એ બધાં ગુણસ્થાનો આ ભૂમિમાં જ પ્રગટયા છે.

રાણીઃ– ૧૪, અહો, કેવળજ્ઞાન એટલે શું! એ તો આત્માનો સ્વભાવ છે. તે કેવળજ્ઞાનનો સ્વીકાર કરનાર જીવને જ્ઞાનસ્વભાવની સન્મુખતા થઈ જાય છે. એટલે તે મોક્ષનો સાધક થઈ જાય છે. તેથી કેવળી ભગવાને તેના અનંતભવ દીઠા જ નથી. કેમકે તેને અનંત ભવ હોતાં જ નથી.

રાજાઃ– ૧૫, વાહ વાહ! કેવળજ્ઞાનના આ ન્યાયમાં તો ઘણી ગંભીરતા છે, કેવળજ્ઞાનના સ્વીકારમાં તો જ્ઞાનસન્મુખતાનો અનંત પુરુષાર્થ છે. માટે સર્વજ્ઞની શ્રદ્ધા તે ધર્મનું મૂળ છે.

રાણીઃ– ૧૫, અહા! આપણા મહાન ભાગ્યોદયથી આપણી આ સૌરાષ્ટ્રભૂમિમાં ગિરનાર ધામમાં આપણને એવા સર્વજ્ઞભગવાન નેમિનાથ પ્રભુના સાક્ષાત્ દર્શન આજે પ્રાપ્ત થાય છે. સર્વજ્ઞદેવના પાવન વિહારથી આપણા સૌરાષ્ટ્રની ધરતી પાવન થઈ છે. હજી પણ ચોવીસમા વર્ધમાન તીર્થંકર આ સૌરાષ્ટ્રભૂમિમાં વિહાર કરશે, ને તેમના નામ ઉપરથી વર્ધમાનપુરી નગરી રચાશે, ને ત્યાં ધર્મનો મંગલ ઉત્સવ થશે.

રાજાઃ– ૧૬, વાહ! નેમિનાથ પ્રભુ આ સૌરાષ્ટ્રભૂમિમાં વિચર્યા છે. અને મહાવીર પ્રભુ પણ વિચરશે. અરે! આજે જ બંને તીર્થંકર ભગવંતો અહીં એકસાથે પધાર્યા હોય એવો મંગલ ઉત્સવ ઉજવાય રહ્યો છે.

રાણીઃ– ૧૬, આપણી આ સૌરાષ્ટ્રની ગિરનાર ભૂમિ તો સિંહને ઉત્પન્ન કરનાર છે. આજે ધર્મના કેસરી સિંહ જેવા કેવળજ્ઞાની આપણી આ ભૂમિમાં પાક્યા છે. ચાલો, આપણે સૌ ગિરનારધામમાં જઈએ, ને તીર્થંકર નેમપ્રભુના દર્શન કરીને ધન્ય બનીએ. તેમની દિવ્યવાણી સાંભળીને રત્નત્રયધર્મની ઉપાસના કરીએ ને મોક્ષના પંથે પ્રભુની સાથે જઈએ.

(બોલિયે નેમિનાથ ભગવાનનો જય હો)

## * મનુષ્ય-જીવનમાં કરવા જેવું *

સતત પુરુષાર્થ કરે તો ક્ષણમાં પ્રગટ થાય એવો આત્મા છે. સુખ, આનંદ બધુ આત્મામાં છે, બહાર કાંઈ નથી. ચૈતન્યતત્ત્વને એના તળમાંથી ઓળખી લેવો. તેના માટે શ્રવણ, મનન આદિ આ બધું છે. મનુષ્ય જીવનમાં એ જ કરવા જેવું છે.

# “પરમાર્થ સ્વરૂપ જીવ કેવો છે તેનું અલૌકિક વર્ણન”

## [ સમયસાર ગાથા ૪૯ ઉપર રાજકોટમાં પૂજ્ય ગુરુદેવના પ્રવચનો ]

દિવ્ય – પુરુષ ૮૭મી – જન્મ જયંતી

ભગવાન આત્મા અનંત શક્તિઓનું સંગ્રહાલય છે, અનંત ગુણોનું ગોદામ છે–એવા પરમાર્થસ્વરૂપ જીવની દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શનરૂપી ધર્મ પ્રગટ થાય છે.

આ ગાથા અલૌકિક છે, તેથી કુંદકુંદાચાર્યદેવ રચિત દરેક શાસ્ત્રમાં આ ગાથા આવે છે. તેમજ ધવલના ત્રીજા ભાગમાં પણ આ ગાથા આવે છે. આ ગાથામાં જીવના વાસ્તવિક સ્વરૂપનું અચિંત્ય અને અલૌકિક વર્ણન છે. તેના સારરૂપે થોડું અત્રે રજૂ કરવામાં આવ્યું છે.

જેને આત્માના ચૈતન્યરસનું સાચું જ્ઞાન નથી તેને પુદ્ગલમાં (ખાટો–મીઠો આદિ) રસગુણ છે તેનું સાચું જ્ઞાન હોતું નથી. જેને સ્વરૂપગ્રાહીજ્ઞાન નથી તેને પુદ્ગલનો રસગુણ મારામાં નથી એવું વાસ્તવિક જ્ઞાન હોતું નથી. જેને, આનંદનો નાથ એવા ચૈતન્યપ્રભુથી અભિન્ન છું ને પુદ્ગલથી ભિન્ન છું એવું સ્વરૂપગ્રાહીજ્ઞાન નથી તેને પુદ્ગલનું પણ સાચું જ્ઞાન નથી.

પોતાના સ્વભાવની દૃષ્ટિથી જોવામાં આવે તો જીવ એકલો પારિણામિકભાવે, જ્ઞાયકભાવરૂપે છે. એના જ્ઞાન–દર્શન આદિ ગુણો ધ્રુવરૂપે છે, એવા કાયમીભાવે, ધ્રુવભાવે, સતભાવે જોવામાં આવે તો ક્ષાયોપશમિક ભાવનો પણ તેને અભાવ હોવાથી તે ભાવેન્દ્રિયના આલંબન વડે પણ રસને ચાખતો નથી માટે અરસ છે. ત્રિકાળી સ્વભાવમાં ક્ષાયોપશમિક પર્યાયનો પણ અભાવ છે. ગજબ છે ને? અહીં તો થોડું જ્ઞાન ખીલે ત્યાં એને અભિમાન થઈ જાય છે. અરે! ૧૧ અંગનું જ્ઞાન થઈ જાય તોપણ

ત્રિકાળી જ્ઞાયક આત્મામાં તેનો અભાવ છે. જેને આવા ક્ષાયોપશમિકભાવમાં અહંપણું થઈ જાય છે તે ત્રિકાળી ભાવનો તિરસ્કાર કરે છે, અનાદર કરે છે. અહીં કહે છે કે રસને જાણવાવાળી ક્ષાયોપશમિક અવસ્થા છે એનો પણ જ્ઞાયકભાવમાં અભાવ હોવાથી આત્મા રસને ચાખતો નથી માટે અરસ છે.

(અરસનો ચોથો બોલ)

અરસના પાંચમાં બોલમાં કહે છે કે સકલ વિષયોના વિશેષોમાં સામાન્ય એકરૂપ સ્વસંવેદન પરિણામરૂપ જાણવાનો તેનો સ્વભાવ હોવાથી તે કેવળ એક રસવેદના પરિણામને પામીને રસને ચાખતો નથી માટે અરસ છે. જેમ અરીસામાં કોલસો, અગ્નિ, બરફ આદિ અનેક વસ્તુ એકીસાથે દેખાય છે તેમાં કોલસાનું એકનું જ પ્રતિબિંબ પડે ને બીજાનું ન પડે એવું બનતું નથી, તેમ એકીસાથે બધા જ્ઞેયોને જાણવાનો આત્માનો સ્વભાવ છે. તેમાં એક જ રસને જાણવું તેવો તેનો સ્વભાવ ન હોવાથી એકલા રસનું સંવેદન કરતો નથી માટે આત્મા અરસ છે.

અરસનો છઠ્ઠો બોલઃ આત્માને સમસ્ત જ્ઞેયોનું જ્ઞાન થાય છે. પરંતુ સકલ જ્ઞેય–જ્ઞાયકનો એકરૂપ થવાનો નિષેધ હોવાથી રસના જ્ઞાનરૂપે પરિણમવા છતાં પણ પોતે રસરૂપે પરિણમતો નથી માટે અરસ છે. સમસ્ત જ્ઞેયોને એકસાથે જાણવાનો સ્વભાવ હોવાથી અગ્નિ આદિ જ્ઞેય છે તેમ જ્ઞાન જાણે છે, પણ અગ્નિ આદિમાં જ્ઞાન જતું નથી કે અગ્નિ આદિ જ્ઞાનમાં આવતાં નથી. જ્ઞેય–જ્ઞાયક બેનું એકપણું થતું નથી. અનંત જ્ઞેયોને જાણતો હોવા છતાં જ્ઞેયોમાં તાદાત્મ્યનો અભાવ હોવાથી રસ આદિ જ્ઞેયોરૂપે પરિણમતો નથી માટે આત્મા અરસ છે.

અનિર્દિષ્ટસંસ્થાનના પહેલાં ૩ બોલમાં કહ્યું કે શરીર પુદ્‌ગલ વડે રચાયેલ હોવાથી તેમજ સંસ્થાન નામકર્મનો ઉદય પુદ્‌ગલમાં જ આવતો હોવાથી અને પોતાના નિયત સ્વભાવથી જ અનંતશરીરોમાં રહેતો હોવાથી જીવ અનિર્દિષ્ટસંસ્થાનવાળો છે. અનિર્દિષ્ટસંસ્થાનના ચોથા બોલમાં કહે છે કે જુદા જુદા સંસ્થાનરૂપે પરિણમેલી સમસ્ત વસ્તુઓના સ્વરૂપ સાથે જેની સ્વાભાવિક સંવેદનશક્તિ સંબંધિત છે એવો હોવા છતાં પણ જેને

દિવ્ય–પુરુષ

૮૭ મી–જન્મજયંતી

દિવ્ય પુરુષ ૮૭મી જન્મજયંતી

સમસ્ત લોકના સંબંધથી રહિત નિર્મળ અનુભૂતિ થઈ રહી છે એવો હોવાથી પોતે અત્યંતપણે સંસ્થાન વિનાનો છે, માટે અનિર્દિષ્ટસંસ્થાન છે. જુદા જુદા આકારરૂપે પરિણમેલી સમસ્ત વસ્તુ એમ કહીને એમ પણ કહ્યું કે આ લાડવા રોટલી આદિના આકારરૂપે થયેલ પુદ્‌ગલો સ્વયં પરિણમે છે. પરિણમેલી શબ્દ ઉપર વજન છે, એટલે પુદ્‌ગલો સ્વયં પરિણમે છે એને બીજો કોઈ પરિણમાવતો નથી, પણ સમસ્ત વસ્તુઓ સ્વયં પરિણમે છે. તેના આકારે જ્ઞાન જાણવારૂપે પરિણમે છે, તોપણ સામી જ્ઞેય વસ્તુના કારણે જ્ઞાન પરિણમ્યું નથી પણ પોતાથી જ જાણવારૂપે પરિણમ્યું છે. સમસ્ત જ્ઞેય વસ્તુના આકારે જ્ઞાન પરિણમવા છતાં જ્ઞેયના સંબંધથી રહિત હોવાથી જીવ અનિર્દિષ્ટસંસ્થાનવાળો છે.

અવ્યક્તના બોલ ચાલે છે, બહુ સૂક્ષ્મ છે, ધ્યાન રાખવાથી સમજાય તેવા છે. ભગવાન સર્વજ્ઞે ચૌદ બ્રહ્માંડ સ્વરૂપ લોકમાં જાતી અપેક્ષાએ છ દ્રવ્યો જોયા છે. સંખ્યાથી જીવ પુદ્‌ગલાદિ અનંતાનંત છે કે જેઓ જ્ઞેય છે, તેથી જાણવા લાયક છે. એક સમયની જ્ઞાનપર્યાય એટલી સામર્થ્યવાળી છે કે ચૌદ બ્રહ્માંડના પદાર્થોને એક સમયમાં કોળીયો કરી લ્યે છે, જાણી લ્યે છે, એ જાણવાનું સામર્થ્ય કેટલું છે તેનું માપ બતાવ્યું છે. એક સંપ્રદાય કહે છે કે જીવની દયા પાળવા માટે ભગવાને પ્રવચનો કહ્યાં છે. બીજો સંપ્રદાય કહે છે કે જીવોને ન મરવા માટે ભગવાને પ્રવચનો કહ્યાં છે, પણ તે બન્નેની વાત ખોટી છે. અનંતા જીવો છે તેને જાણનાર એક સમયની જ્ઞાન પર્યાયનું સામર્થ્ય કેટલું મોટું છે તે બતાવવા ભગવાને પ્રવચનો કહ્યાં છે. સમસ્ત વસ્તુ પોતાના કારણે પરિણમેલી છે ને તેને જાણનાર જ્ઞાન છે તે પોતાના કારણે જાણવારૂપે પરિણમે છે. જ્ઞેયના લઈને જાણે છે તેમ નથી. અરે નાથ! તું સાંભળતો ખરો! ભગવાન કહે છે કે તું કોની રક્ષા કરનારો છો? દરેક પદાર્થો પોતપોતાથી જ રક્ષાએલા છે. તેનો તું જાણનાર છો. છતાં તેના લઈને નહિ, તું તારા લઈને જાણનાર છો. તું સમજણનો જ સંગ્રહાલય છો, આનંદનો કંદ પ્રભુ છો.

છ દ્રવ્યસ્વરૂપ લોક તે જ્ઞેય છે તેનાથી જીવ ભિન્ન છે એટલે જીવ સાતમું દ્રવ્ય છે તેમ ધર્મદાસજીએ કહ્યું છે. છ દ્રવ્યસ્વરૂપ લોક તે વ્યક્ત છે તેથી

બાહ્ય છે, તેનાથી જીવ અન્ય છે માટે અવ્યક્ત છે. લોક તે વ્યક્ત છે તેને જાણનાર ત્રિકાળીતત્ત્વ–જ્ઞાનગુણ તે અવ્યક્ત છે. એક સમયની જ્ઞાનપર્યાય પ્રગટ છે, તેનાથી ત્રિકાળીતત્ત્વ અવ્યક્ત છે –એવા જીવની દ્રષ્ટિ કરવી તે સમ્યગ્દર્શન છે.

દિ વ્ય પુ રુ ષ

આબાલ ગોપાલ સૌ જ્ઞાન જ કરી રહ્યા છે, સૌને જ્ઞાનનો જ અનુભવ થાય છે, રાગનો કે શરીરાદિનો અનુભવ થતો નથી. છતાં પરને કરું છું તેમ માને છે, થાય છે તો જ્ઞાન જ, પણ ભ્રમથી માને છે કે કર્તા છું. અરે ભગવાન! તારી મોટપ કેટલી છે અને તું તને કેટલો હીણો માની રહ્યો છો તેની તને સમજણ કરાવે છે. છ દ્રવ્યસ્વરૂપ લોક તે જ્ઞેય છે ને તેને જાણનાર એકસમયની જ્ઞાનપર્યાય છે, જ્ઞાનપર્યાયને અને જ્ઞેયને નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે, જ્ઞાનગુણ તો ધ્રુવ છે તેની સાથે જ્ઞેય–જ્ઞાયક સંબંધ પણ નથી.

૮૭ મી જન્મ જયંતી

છ દ્રવ્ય સ્વરૂપ લોક તે જ્ઞેય છે, તેથી તે પ્રગટ છે, બાહ્ય છે, તેનાથી જીવ અન્ય છે, તેથી ભિન્ન છે, અવ્યક્ત છે. સર્વજ્ઞ પર્યાયમાં જાણવાની કેટલી તાકાત છે તે બતાવવા અનંત પદાર્થો છે, અનંતા જીવો છે તેમ કહ્યું છે, પણ અનંતા જીવો બચાવવા લાયક છે માટે કહ્યાં છે તેમ નથી. જ્ઞેય હોવાથી જાણવા લાયક છે, પંચપરમેષ્ઠિ ભગવાન અને ભગવાનની દિવ્ય–ધ્વની પણ છ દ્રવ્ય સ્વરૂપ લોકમાં આવી જાય છે તેથી જાણવા લાયક છે તેમ કહ્યું છે, માનવા લાયક છે તેમ કહ્યું નથી. પરની દયા પાળવાનો ભાવ તે શુભરાગ છે, રાગમાં સ્વનો ઘાત થતો હોવાથી પરમાર્થે હિંસા છે. તે રાગ પણ જ્ઞાનમાં જાણવા લાયક હોવાથી જ્ઞેય છે, વ્યક્ત છે, પ્રગટ છે, તેનાથી જીવ ભિન્ન છે, અન્ય છે, માટે અવ્યક્ત છે.

ગ્રંથાધિરાજ તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા છે એમ સ્તુતિમાં આવે છે ને! આમાં બ્રહ્માંડના ભાવો ભર્યા છે. સંતોએ કરુણા કરી માર્ગ સહેલો કરી દીધો છે. સંતો એટલે કેવળીના કેડાયતો. જે છ દ્રવ્યને માને છે તે એક સમયની પર્યાયને માને છે, પણ પોતાના ત્રિકાળી દ્રવ્યને માને નહિ તો તે એકાંત મિથ્યાદ્રષ્ટિ છે. દ્રવ્યસ્વરૂપ લોક પ્રગટ છે, વ્યક્ત છે, તેની અપેક્ષાએ જીવ અપ્રગટ છે, અવ્યક્ત છે, પણ પોતાની અપેક્ષાએ

તો જીવ પ્રગટ જ છે વ્યક્ત જ.

અવ્યક્તના બીજા બોલમાં કહે છે કે કષાયોનો સમૂહ એટલે પુણ્ય–પાપના ભાવ તે કષાયનો સમૂહ છે, તે ભાવકભાવ છે, એટલે કે કર્મનો ભાવ છે, તે વ્યક્ત છે. વિકારી કાર્યને ભાવક અર્થાત્ પુદ્ગલકર્મનો ભાવ કહીને જીવને તેનાથી ભિન્ન કહ્યો છે.

દિવ્ય–પુરુષ

ગાથા ૩૨માં વિકારને ભાવકનો ભાવ કહ્યો છે કેમકે વિકાર તે ખરેખર જીવનું કર્તવ્ય નથી. કર્મને અનુસરીને વિકાર થાય છે તેથી તેને ભાવકનો ભાવ કહ્યો છે. ગાથા ૩૨ માં ભાવકના ભાવને (વિકારને) જીતવાની વાત કરી છે, વિકારને થવા દીધો નહીં એટલે અંશે વિકારને જીત્યો તેમ ત્યાં વાત કરી છે. અહીં ગાથા ૪૯ માં ભાવકનો ભાવ વિકારી ભાવ છે ખરો, પણ જીવ તેનાથી ભિન્ન છે એમ સમ્યગ્દ્રષ્ટિ જાણે છે; વિકારને હજુ જીત્યો નથી, પણ વિકારથી જીવ ભિન્ન છે, અન્ય છે, એવા જીવને જાણ એમ કહ્યું છે, વિકારને જાણ એમ નથી કહ્યું પણ તેનાથી જીવ અન્ય છે, અવ્યક્ત છે, એવા જીવને જાણવાનું કહ્યું છે.

૮૭મી–જન્મજયંતી

દયા–દાન–ભક્તિથી કલ્યાણ થાય એમ જે કહે છે તે બધાય મૂંઢ જીવો છે, મિથ્યાદ્રષ્ટિ છે. કષાયના સમૂહથી જીવ ભિન્ન છે તેની તે મૂંઢ જીવોને ખબર નથી. આ તો વસ્તુ સ્થિતીની વાત છે. આવી વાતો સાંભળવા મળવી તેને શાસ્ત્રકાર સૌભાગ્ય કહે છે. ધનવૈભવ મળે તેને સૌભાગ્ય કહેતા નથી.

કષાયોનો સમૂહ એટલે ભાવક તે કર્મનો ભાવ છે, જીવનો ભાવ નથી. કષાયના ભાવની હૈયાતી છે, મૌજુદગી છે, અસ્તિ છે. તેનાથી જીવ અન્ય છે, ભિન્ન છે, અવ્યક્ત છે, એવા જીવને તું જાણ એમ કહ્યું છે. કષાયના સમૂહને જાણ એમ કહ્યું નથી, પણ કષાયના સમૂહથી ભિન્ન ભગવાન આત્મા આનંદકંદ છે, શાંતિનો સાગર છે, નિરાકુળતાનો પિંડ છે, એવા આત્માને તું જાણ એમ કહ્યું છે. ભગવાન આત્માને ઓછો–અધિક કે વિપરીત માનતા તે જવાબ નહિ આપે. જેવા સ્વભાવે છે તેવો આત્માને જાણતા અતીન્દ્રિય આનંદ પ્રગટશે.

દ્રવ્ય-પુરુષ

અવ્યક્તના ત્રીજા બોલમાં કહે છે કે ચિત્સામાન્યમાં ચૈતન્યની સર્વ-વ્યક્તિઓ નિમગ્ન છે, અંતર્ભૂત છે, માટે અવ્યક્ત છે. ચિત્સામાન્યમાં એટલે ત્રિકાળી ધ્રુવ વસ્તુમાં ચૈતન્યની સર્વવ્યક્તિઓ એટલે ભૂત-ભાવિની પર્યાયો અંતર્ભૂત છે, એમ ઉત્પાદ પર્યાય-વર્તમાન પ્રગટ પર્યાય જાણે છે. કોઈનો એવો અભિપ્રાય છે કે ભૂત-ભાવિની પર્યાયો દ્રવ્યમાં અંતર્ભૂત છે તેમ વર્તમાન પર્યાય પણ અંતર્ભૂત થઈને દ્રષ્ટિનો વિષય છે. પરંતુ તે વાત બરાબર નથી. વર્તમાન પર્યાય તો પ્રગટરૂપ છે. તે પર્યાય તો નિર્ણય કરનારી છે કે ભૂત-ભાવિની પર્યાયો દ્રવ્યમાં અંતર્ભૂત છે, પ્રગટરૂપ નથી, પણ યોગ્યતારૂપ દ્રવ્યસામાન્યમાં છે, તેમ વર્તમાન પર્યાય જાણે છે-નિર્ણય કરે છે. નિર્ણય કરનાર પ્રગટ પર્યાય દ્રવ્યથી ભિન્ન રહીને નિર્ણય કરે છે. દ્રષ્ટિના વિષયમાં તે ભળતી નથી, પણ ભિન્ન રહીને નિર્ણય કરે છે.

૮૭મી-જન્મજયંતી

ભૂતકાળમાં જે રાગાદિભાવો થયા હતા, તે પર્યાયો દ્રવ્ય-સામાન્યમાં અંદર ગઈ છે પરંતુ તે પર્યાયો રાગાદિ ઉદય ભાવો રૂપે રહી નથી. સહજભાવે એટલે કે પારિણામિક ભાવરૂપ થઈને રહે છે, યોગ્યતા રૂપ રહે છે. ભૂત-ભાવિની પર્યાયો યોગ્યતારૂપ અંતર્ભૂત છે, સામાન્ય-રૂપ છે તેમ વર્તમાન ઉત્પાદ પર્યાય નિર્ણય કરે છે. નિર્ણય કરનારી પર્યાય તે પ્રગટ છે તેની અપેક્ષાએ ચિત્સામાન્ય અવ્યક્ત છે. દ્રવ્ય છે તો પ્રગટ જ, પણ ઉત્પાદ પર્યાયની અપેક્ષાએ દ્રવ્યને અપ્રગટ છે, અવ્યક્ત છે તેમ કહેવામાં આવે છે. જેમ દરિયો કાયમ રહે છે ને તરંગો પલટે છે તેમ ભગવાન આત્મા દરિયા સમાન કાયમ ધ્રુવ રહીને પર્યાયો પલટે છે. ભૂત-ભાવિની પર્યાયો કે જે થઈ ગઈ છે ને થવાની છે તે બધી દ્રવ્યસામાન્યમાં અંતર્ભૂત છે તેમ પ્રગટ પર્યાય જાણે છે.

અવ્યક્તનો ચોથો બોલ કહે છે કે ક્ષણીક વ્યક્તિમાત્ર નથી માટે અવ્યક્ત છે. વર્તમાન પર્યાયના સ્વીકારમાં જ તારી નજર ને રમતું થઈ છે. નથી બહારમાં રમ્યો કે નથી અંદર ચૈતન્ય સામાન્યમાં રમ્યો, પર્યાયમાં જ રમ્યો છો, એ પર્યાયબુદ્ધિ મિથ્યાદ્રષ્ટિ છે. ભાઈ ! આ તારી મોટાઈની

વાત ચાલે છે, મોટા ઘરના કહેણ પાછા ન ફરે. ભાઈ ! તું શરીર આદિ રૂપે થયો જ નથી, વિકલ્પરૂપે પણ તું નથી અને ક્ષણીક અવસ્થા જેટલો પણ તું નથી. ક્ષણીક વ્યક્તિ એટલે પર્યાય જેટલો તું નથી, ક્ષણીક વ્યક્તિ છે ખરી, પણ તું એટલો નથી. અંદર આનંદકંદપ્રભુરૂપે તું પૂરો છો. બે અંશ સ્વરૂપ વસ્તુ છે તેમાં એક અંશ પલટતો છે ને બીજો અંશ ધ્રુવરૂપ છે. તું પલટતી પર્યાય જેટલો નથી પણ ધ્રુવરૂપ છો.

અવ્યક્તનો પાંચમો બોલ: વ્યક્તપણું ત્થા અવ્યક્તપણું મિશ્રિતરૂપે પ્રતિભાસવા છતાં પણ તે વ્યક્તપણાને સ્પર્શતો નથી માટે અવ્યક્ત છે. વ્યક્તપણું એટલે પ્રગટ પર્યાય, અવ્યક્તપણું એટલે ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય, તે બન્ને એક સમયમાં ભેગા પ્રતિભાસવા છતાં, વ્યક્તપણાને સ્પર્શતો નથી. ભગવાન આત્મા ધ્રુવ છે તે વ્યક્ત પર્યાયને સ્પર્શતો નથી, અડતો નથી, માટે અવ્યક્ત છે. વર્તમાન પર્યાયમાં ક્ષણીકનું અને ધ્રુવ વસ્તુનું જ્ઞાન થાય છે તોપણ ધ્રુવ વસ્તુ ક્ષણીક પર્યાયને સ્પર્શતી નથી. જો ક્ષણીક પર્યાયમાં ધ્રુવ આવી જાય તો ધ્રુવવસ્તુનો નાશ થઈ જાય. વ્યક્તને તથા અવ્યક્તને જ્ઞાનની વ્યક્ત પર્યાય જાણે છે. વ્યક્ત પર્યાય પોતાને અને ધ્રુવદ્રવ્યને જાણે, તોપણ ધ્રુવ આત્મા વ્યક્ત પર્યાયને સ્પર્શતો નથી માટે અવ્યક્ત છે.

છઠ્ઠા બોલમાં એમ કહ્યું છે કે ભગવાન આત્મા પોતે પોતાથી જ બાહ્ય-અભ્યંતર સ્પષ્ટ અનુભવાઈ રહ્યો છે અર્થાત્ પર્યાયમાં પર્યાયનો તથા ત્રિકાળીનો સ્પષ્ટપણે અનુભવ છે. તોપણ, એક સમયના આનંદના અનુભવથી ઉદાસીન વર્તે છે ને ત્રિકાળી તરફ ઝુકી જાય છે, માટે અવ્યક્ત છે. વિકલ્પ, નિમિત્ત કે સંયોગની અપેક્ષા વિના પોતે પોતાથી જ પોતાને બાહ્ય-અભ્યંતર અનુભવે છે. બાહ્ય એટલે એક સમયની આનંદની પર્યાયને અનુભવે છે, અને અભ્યંતર એટલે ત્રિકાળી ધ્રુવતત્ત્વ તેને પણ સ્પષ્ટ અનુભવે છે. ત્રિકાળી પોતે વેદનમાં આવતો નથી પણ ત્રિકાળીનું જ્ઞાન અનુભવમાં આવે છે. એ રીતે બાહ્ય-અભ્યંતર પ્રત્યક્ષ અનુભવાતો હોવા છતાં એક સમયના આનંદની પર્યાયમાં રોકાતો નથી, પણ તેનાથી ઉદાસીનપણે વર્તતો થકો ત્રિકાળી તરફ ઝુકે છે. પ્રગટ આનંદની વ્યક્તદશાથી ઉદાસીન વર્તતો હોવાથી ભગવાન આત્મા અવ્યક્ત છે.



धन्य है गुरुदेव, उनका जन्मदिन व जन्मजयंती का प्रत्यक्ष लाभ लेनेवाला पुण्यशालिओं का समूह-जिनके दर्शनमात्रसे तीव्र मुमुक्षु कृतकृत्य हो जाते हैं ऐसे गुरुदेवके जन्मदिन बारम्बार मनाते रहें यही भावना है।

પૂજ્ય ગુરુદેવની અસીમ ઉપકારવશતાથી, તેઓ પ્રત્યે અપાર ભક્તિ, બહુમાન, અર્પણતારૂપે શ્રી સોગાનીજીના હૃદયોદ્‌ગારરૂપ

## ❀ भक्ति-पुष्पों ❀

દિવ્ય પુરુષ

૮૭મી જન્મજયંતી

१ सोनगढकी चिन्मय भव्यमूर्तिको अधिक समिप होकर गहन द्दष्टिसे देखता रहता हूं।

२ पू. गुरुदेवकी स्मृति इस समय भी आ रही है व आंखोंसे गर्म आँसु आ रहे हैं कि उनके संग रहना नहीं हो रहा है, उनका असंगरुचिका उपदेश कानोंमें गूंजता रहता है...उस दिनकी प्रतीक्षामें हूँ कि कब उस गरजती हुई दिव्यमूर्तिके चरणोंमे शीघ्र अपने आपको पाऊँ।

३ अरे विकल्प! यदि तुझे तेरी आयु प्रिय है तो अन्य सबको गौण कर व गुरुदेवके संगमें ले चल, वरना उनका दिया हुआ वीतरागी अस्त्र शीघ्र ही तेरा अंत कर डालेगा।

४ हे गुरुदेव! आप कितनी पहोलाई तक प्रसर चुके हो, पहोलाइ भी है साथ ही ठोसपना भी। हे गुरुदेव! आपकी वाणीका स्पर्श होते ही मानों विश्वकी उत्तमोत्तम वस्तुकी प्राप्ति हो गई। क्या मैं मुक्त होनेवाला हूँ। अरे! शास्त्रोंमें जिस मुक्तिकी इतनी महिमा बखानी है, उसे आपके शब्द मात्रने इतना सरल कर दिया...सहज ज्ञानकला।

५ हे गुरुदेव! लोकोत्तर लाभ हेतु आपके वचनों पर श्रद्धा की है, आशीर्वाद देता हुआ आपका मोहक चित्र देखा है। आपके आशीर्वादसे पूर्ण आनंदमयी निधिको प्राप्त हो जाउँ...ऐसी तीव्र अभिलाषा है, दरिद्रीको चक्रवर्तीपनेकी कल्पना नहीं होती, पामरदशावालों को 'भगवान हूँ-भगवान हूँ' की रटन लगाना। हे प्रभो! आप जैसे असाधारण निमित्तका ही कार्य है।

६ परम पिताश्रीने हम सब पुत्र मंडलको अटूट लक्ष्मी भंडार भोग हेतु प्रदान

किया है, तीर्थंकर योग सूचित करता है कि सर्व सज्जन पुत्रगण इस भोगको निसन्देह भोगते हुऐ नित्य अमर रहेंगे।

७ (अश्रुसहित गदगदभावसे) अनंत तीर्थंकर हो गये, मगर अपने तो गुरुदेवश्री सबसे अधिक हैं, जैसे अपनेको धनकी जरुरत हो और कोई लखपति अपनी जरुरत अनुसार धन देवे तो वह अपने लिये दूसरा करोडपतिसे भी अधिक है, अैसे गुरुदेवश्री अपने लिये तीर्थंकरसे भी अधिक हैं जिससे अपनेको हित हुआ है।

८ गुरुदेवश्रीकी सिंह गर्जना ऐसी है कि दूसरोको निर्भय बना देती है। और जंगलके सिंहकी गर्जना तो दूसरोको भयवान बनाती है तो ये सिंहमें बहोत फरक है।

९ मैं तो महाराजसा'बको शुद्ध निष्क्रिय चैतन्यबिम्ब ही देखता हूँ, जो विकल्प, वाणी और शरीरकी क्रियायें हो रही हैं, उसको मराराजसा'ब नहिं मानता हूँ।

१० महाराजसा'बने दुष्कालमें सुकाल कर दिया है, यह क्या कम महत्वकी बात है? इस कालमें जहां ऐसी बात सुननेको नहीं मिलती है वहां धोधमार वर्षा कर दी है।

११ गुरुदेवश्रीके उपदेशमें इतना खुलासा है कि ओनिंवसे धर्म पंचमकाल तक टिकेगा ऐसा दिखता है।

१२ पू. गुरुदेवश्रीने कैसा वस्तुस्वभाव स्पष्ट कर दिया है वह तो पका पकाया हलवा है, अपन तो सीधा खाते हैं, नहीं तो हमारी तो शास्त्रमेंसे निकालनेकी इतनी शक्ति नहीं है।

१३ यहां तो महाराजसा'बने भूमिका तैयार कर दी है,। बस, अब थोड़ासा सुखका बीज बो देना, जिससे महा आनंद होवे।

१४ गुरुदेवश्री घोलनसे परे हैं, लेकिन उनके घोलनमें परसे जो करुणा है, [ अनुसंधान पृष्ठ ४८ पर ]

દિવ્ય પુરુષ

૮૭ મી જન્મજયંતી

# अन्तर्बाह्य व्यक्तित्वके धनी: कानजीस्वामी

[ डॉ. हुकमचंद भारिल्ल, जयपुर ]

દિવ્ય પુરુષ

“आत्मा...आत्मा...आत्मा भगवान आत्मा सदा ही अति निर्मल है परसे अत्यन्त भिन्न परम पावन है। यह त्रिकाली ध्रुवतत्त्व आनन्दका कन्द और ज्ञानका घनपिंड है। रंग, राग और भेदसे भी भिन्न अतीन्द्रिय परम पदार्थ निजात्मा ही एकमात्र आश्रय करने योग्य है। उसका ही आश्रय करो, उसमें जम जावो, उसमें ही रम जावो।” यह प्रेरणा देते देते लाखोंकी सभामें भी क्षणभरको ही सही अपनेमें रम जानेवाले, अपनेमें ही जम जानेवाले युगान्तरकारी आध्यात्मिक सत्पुरुष कानजी स्वामीको लाखों आंखोंने लाखो बार अपनेमें मग्न होते देखा होगा। उन्होंने क्या कहा? उसका क्या भाव है? कानोंसे सुनकर चाहे बहुत कम लोगोंने समझ पाया हो, पर आखोंसे देखने वालोंने यह अनुभव अवश्य किया होगा कि स्वामीजी जो कुछ बोल रहे हैं, वह अंतरकी गहराईसे आ रहा है, मात्र व्याख्यानके लिए व्याख्यान नहीं है।

૮૭ મી જન્મ જયંતી

गंगा गये गंगादास और जमना गये जमनादासवाली बात वहाँ नहीं है। चाहे ५० व्यक्तियोंकी सभा हो चाहे पचास हजारकी। चाहे अपने हों चाहे पराये। वहाँ तो एक ही बात है-पर और पर्यायसे भिन्न आत्माकी। गिरगिटकासा रंग बदलनेवाले तथाकथित आध्यात्मिक प्रवक्ताओंके समान अंदर कुछ और बाहर कुछ और वाली बात उनमें आप कभी नहीं पायेंगे।

उनकी वाणीमें किसीका विरोध नहीं आता, मात्र अपना अविरोध झरता है। वे अपनी बात, अनुभवकी बात, आगमकी बात सबके सामने रखते हैं। कौन क्या गलत कह रहा है, गलत कर रहा है: यह जाननेके लिए, सुननेके लिए, कहनेके लिए उनके पास समय नहीं है, सत्यका अनुभव करने और निरूपण करनेसे अवकाश मिले तब तो यह सब किया जाय। यह तो उनका काम है. जिन्हें सत्यसे कोई सरोकार नहीं है, धर्म जिनका धन्धा है। धर्मको जीवन माननेवाले स्वामीजी इन सब बातोंसे बहुत दूर हैं।

दिव्य पुरुष

८७ मी जन्मजयंती

यदि आत्मज्ञानका नाम ही अध्यात्म है तो स्वामीजी सच्चे अर्थोंमें आध्यात्मिक हैं क्योंकि उनका चिन्तन, मनन, कथन, अनुभवन सब कुछ आत्मामय है। अधि=जानना, आत्म=आत्माको इस प्रकार अपने आत्माको जानना ही अध्यात्म हुआ।

पुण्य और पवित्रताका सहज संयोग कलिकालमें सहज संभव नहीं है। जिनके जीवनमें पवित्रता पाई जाती है, उनकी कोई बात नहीं सुनता और जिनके समक्ष लाखों मानव झाँकते झुकते हैं, जिनको सर्व सुविधाएँ सहज उपलब्ध हैं; वे पवित्रतासे बहुत दूर दिखाई देते हैं; जैसे उनका पावनतासे कोई सम्बन्ध ही न हो। उन्हें पवित्रतासे कोई सरोकार नहीं। स्वामीजी एक ऐसे युग-पुरुष हैं जिनमें पुण्य और पवित्रताका सहज संयोग है। उनमें सोना सुगंधित हो उठा है।

वे अन्तर्बाह्य व्यक्तित्वके धनी महापुरुष हैं। एक और जहाँ स्वच्छ शुभ्र श्वेत परिधानसे सर्वांग ढ़की एकदम गोरी भूरी विराट काया, उस पर उगते हुए सूर्य-सा प्रभा संपन्न उन्नत भाल तथा कभी अन्तर्मग्न गुरु गंभीर एवं कभी अन्तरकी उठी आनन्द हिलोरसे खिलखिलाता गुलाबके विकसित पुरुष सदृश ब्रह्मतेजसे दैदीप्यमान मुखमण्डल: व्याख्यानमें उनकी वाणीसे कुछ भी न समझ पाने वाले हजारो श्रोताओंको मंत्रमुग्ध किए रहता है। वहीं दूसरी और स्वभावसे सरल, संसारसे उदास, धुनके धनी, निरंतर आत्मानुभव एवं स्वाध्यायमें मग्न, सबके प्रति समताभाव एवं करुणाभाव रखनेवाले विनम्र; पर सिध्धान्तोंकी कींमत पर कभी न झुकनेवाले अत्यंत निस्पृही एवं दृढ़ मनस्वी गणधर जैसे विवेकके धनी वज्रसे भी कठोर पुष्पसे भी कोमल उनका आन्तरिक व्यक्तित्व बड़े बड़े मनीषियोके आकर्षणका केन्द्र बना रहता है।

काठियावाड (आधुनिक पश्चिम गुजरात) की मिट्टीमें ही न मालूम ऐसी क्या विशेषता है जिसने एक ही शताब्दीमें ऐसे दो महापुरुषोंको जन्म दिया है जिन्होंने लौकिक और पारलौकिक दोनों क्षितिजोंके छोर पा लिए हैं। पहिले थे महात्मागांधी और दूसरे हैं कानजीस्वामी। एक ने हमें लौकिक स्वतंत्रताका मार्ग ही नहीं दिखाया अपितु स्वतंत्रता भी प्रदान की है दूसरा हमें पारलौकिक अलौकिक आध्यात्मिक स्वतंत्रताका पथ प्रदर्शन कर रहा है, स्वयं उस पर चल रहा है, दूसरोंको चलनेका प्रेरणा स्रोत बन रहा है। एक साबरमतीका संत कहा जाता था तो दूसरा सोनगढ़का संत कहा जाता है। एकबार इन दोनों महात्माओंका मिलन भी हुआ था, जब गांधीजी राजकोटमें स्वामीजीके प्रवचनमें पधारे थे।

દિવ્ય - પુરુષ

૮૭મી - જન્મ જયંતી

सोनगढ आज तीर्थधाम बन गया है। जहाँ-जहाँ सन्तोंके पग पड़ते हैं, वे स्थान तीर्थधाम बन जाते हैं। सोनगढ़ क्यों न तीर्थधाम बने, वहाँ तो आध्यात्मिक सत्पुरुष चालीस वर्षसे आत्मसाधना कर रहे हैं, आत्मसाधना और आत्म- आराधनाका पथ-प्रशस्त कर रहे हैं।

आज ऐसा कौन जैन है जो गिरनार और शत्रुंजय [ पालीताना ] गया हो और सोनगढ़ न गया हो और वहाँ पर पहुँचकर विशाल जिनमंदिर, समवशरण मंदिर, स्वाध्याय मंदिर, परमागम मंदिरके दर्शन कर कृतार्थ न हुआ हो। शहरी कोलाहलसे दूर शान्त और निर्जन इस प्रान्तमें आत्माके नादकी गूंज न सुनी हो, रंग-राग और भेदसे भिन्न आत्माकी बात कानमें न पड़ी हो।

